
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ



મે- ૨૦૧૫
અંક – ૫
વર્ષ : ૫૪
સળંગઅંક : ૪૧૯
માસિક કિંમત – ૧૦/-
વાર્ષિક લવાજમ – ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

તા. ૧૪-૦૨-૨૦૧૫ના રોજ

# પરિણયની પગદંડી પર ડગ માંડતા...



**ચિ. એષા અને ચિ. હર્ષ**

ના જીવનમાં ખુશીઓની વસંત ખીલતી રહે...

ફોરમતી રહે.... એજ અમારા સૌના શુભાશિષ સહ હાર્દિક શુભેચ્છાઓ

**-: અર્પણકર્તા :-**

શ્રી મુકુંદચંદ્ર સાકરલાલ જરીવાલા
શ્રીમતિ જશુબેન મુકુંદચંદ્ર જરીવાલા
શ્રી સંજય મુકુંદચંદ્ર જરીવાલા
શ્રીમતિ અલોકી સંજય જરીવાલા
કુ. પ્રાચી સંજય જરીવાલા
શ્રી મિતેશ મુકુંદચંદ્ર જરીવાલા
શ્રીમતિ તેજસ્વીની મિતેશ જરીવાલા
ચિ. અર્થ - ચિ. આયુષ મિતેશ જરીવાલા

બી-૩, ગોવર્ધનપાર્ક, અડાજણ, સુરત

શ્રી અનિષભાઇ એ. પંચોલી
શ્રીમતિ ધર્મીબેન અનિષકુમાર પંચોલી

એ-૧૨, હરીનિવાસ, એસ.એન.રોડ,
કાંદીવલી(ઇસ્ટ) મુંબઇ



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## એપ્રિલ-૨૦૧૫

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

વૈશાખ મહિનાની અસહ્ય ગરમી વચ્ચે બાળકોનું વેકેશન પડશે.. વેકેશન એટલે રમવાની, ફરવાની, કૂદવાની અને ટી.વી-પીકચર જોવાની સીઝન એવું કહીએ તો ખોટું નથી... અને આખુ વર્ષ જાતજાતના કલાસીસ, વાંચવાના બીઝી શીડયુલ માં બધુ ભુલાય ગયું... બાળપણ રમવા નહિં પણ ભણવામાં વ્યસ્ત થઈ ગયું... હરીફાઈના યુગમાં સમય સાથે અને લોકો સાથે તાલ મીલાવવું પણ એટલું જ જરૂરી થઈ ગયું છે... છતાં ગત વર્ષના રીઝલ્ટ સામે અતં:દ્રષ્ટિ કરી નબળા વિષયમાં ધ્યાન આપી એ પર અભ્યાસ કરજો.. એ વિષય પર વધુ પ્રયત્ન કરી આવતુ વર્ષ પ્રગતિમય બનાવશો... અને સાથે સાથે આનંદ પ્રમોદ પણ કરતા રહેજો... વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ડાન્સ, ડ્રોઈંગ, સ્કેટીંગ, સ્વીમીંગ, ઈનડોર ગેઈમ, આઉટડોર ગેઈમ પણ જરૂરી છે... અભ્યાસ સાથે આ બધી પ્રવૃત્તિઓ પણ જરૂરી છે... પરંતુ અભ્યાસ એ આપણાં જીવનનો પાયો છે અને એ મજબૂત કરીશું તો આપણી જીવનરૂપી ઈમારત સક્ષમ બનશે...

માતા-પિતાને વિનંતી કે વેકેશનમાં બાળકો સાથે ટી.વી. સામે ગોઠવાવાના બદલે કે મોબાઈલની માયાજાળમાં બાળકોને બીઝી રાખવાને બદલે સાંજે કે રાત્રે આપનાં વિસ્તારમાં આવેલ ગાર્ડન, તળાવ કે અન્ય ફરવાના સ્થળે નીકળી પડશો. એ પણ ન હોય તો રોડ પર ચાલવાની, ફરવાની અને અવલોકન કરવાની હોબી કેળવજો...અને આઈસક્રીમનો ટેસ્ટ લેવાનું ન ચુકશો...

કુદરત હવે રૂઠી હોય એવું નથી લાગતું.... એક પછી એક ઉપાધી થોડે થોડે વખતે આવતી જ રહે છે... નેપાળમાં આવેલ ધરતીકંપ સાથે સાથે યુ.પી અને બિહારમાં પણ એની અસર થઈ અને ઘણાં લોકો મૃત્યુ પામ્યા છે... એ માટે આપણે સૌ એઓના આત્માની શાંતિ અર્થે અને ત્યાંના લોકો પર આવી પડેલ આકસ્મીક આફતને સહન કરવાની પ્રભુ એમને શકિત અર્પે એ માટે પ્રાર્થના કરીશું..

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફકત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**014710003655 IFSC code Bkdn 0210147**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી

(નવયુગ શુભચિંતક શ્રીમતિ કલાબેન દિનેશચંદ્ર પંચોલી વડોદરા શ્રી મહેન્દ્રભાઈ પરસોત્તમદાસ પંચોલી વડોદરા)

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

ગરમીની મઝા માણતાં માણતાં વેકેશનની રજા માણવાની તૈયારીઓ સૌ જ્ઞાતિજનો કરી રહ્યા હશો. વિદ્યાર્થી મિત્રો વેકેશનની રજાનો સદ્ઉપયોગ કરી પોતાને ગમતાં કાર્યોમાં આગળ વધો એવી આશા રાખુ છું.

સુરત મુકામે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત શ્રી પંચોલી પંચ સુરત અને સ્વયં આયોજીત 'ઉડાન' કાર્યક્રમમાં યુવાન મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત થાય એવુ આયોજન કરવામાં આવેલ છે. નાના-મોટા એકમો હજી સક્રિય થયા નથી 'સૌનો સાથ-સૌનો વિકાસ' મંત્રને સાર્થક કરવો હોય તો દરેક એકમો સક્રિય થાય તો જ સમાજની પ્રવૃતિઓ નિરંતર આગળને આગળ વધતી રહે છે પરંતુ ઘણા દુઃખ સાથે મારે કહેવુ પડે છે કે આપણા સમાજનાં ઘણા નાના-મોટા એકમો હજી સક્રિય થઇ ને જોઇએ તેવો સપોર્ટ આપી રહ્યા નથી. સુરત ટીમની કામગીરી ઘણી જ સુંદર છે વારંવાર દરેક એકમોને ટેલીફોનીક સંદેશો આપવા છતાં આટલી નિષ્ફળતા કેમ? તે સમજાતું નથી. સુરતનાં પ્રમુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રી તથા તેમની ટીમ તેમજ સ્વયં નાં યુવા કન્વીનર શ્રીમતી મૃદુતા પંચોલીની કામગીરીને હું બિરદાવુ છું. સુરત જેવા મોટા શહેરમાં જો આટલો સુંદર કાર્યક્રમ કરવા માટે તેઓશ્રી તૈયાર હોય તેઓશ્રી સમયની સાથે આર્થિક રીતે ફાળો આપવા પણ તૈયાર હોય ત્યારે આપણે તો તેઓશ્રીને પ્રોત્સાહીત કરવા માટે ત્યાં ઉપસ્થિત રહેવાનું જ છે છતાં પણ સમય મર્યાદામાં ઓછુ રજીસ્ટ્રેશન એ સમાજ માટે ચિંતાનો વિષય છે. હું એ અગાઉની પ્રમુખનોંધ માં પણ જણાવેલ કે, સમાજ દ્વારા આવા કાયક્રમો કોઇ એકમ કરવા તૈયાર થાય ત્યારે આર્થિક ભંડોળ માટે ઘણી જ તકલીફ પડે છે. જેથી નાના એકમો રૂા. ૨૦૦૦/- અને મોટા એકમો રૂા. ૫૦૦૦/- ની મદદ કરે અને આવા કાર્યક્રમોને આપણા પોતાનો કાર્યક્રમ છે એમ માને તો આવનાર સમયમાં આવા અનેક કાયક્રમો કરવા માટે નાના-મોટા એકમો ને પ્રેરણા અને પ્રોત્સાહન મળશે. મિત્રો આવો આપણે સૌ ભેગા મળીને સમાજની પ્રવૃતિઓને આગળ વધાવીએ..

વિદ્યાર્થી મિત્રોનાં પરિણામો આવ્યા બાદ કયાં ક્ષેત્રે આગળ વધવુ અને કયાં ક્ષેત્રમાં પોતાની કારકીર્દી બનાવવી એવા માર્ગદર્શન ના અભાવના કારણે ઘણા મિત્રો બીજા ક્ષેત્રમાં પ્રવેશ મેળવી જીંદગીભર પસ્તાવો કરે છે. વિદ્યાર્થી મિત્રોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે માર્ગદર્શન શીબીરનું આયોજન પણ કરવું જોઇએ. હું આશા રાખુ છુ કે, કોઇ એકમ આ અંગે વિચારણા કરી યોગ્ય આયોજન કરશે.

મહામંડળનાં સ્વર્ણિમ ફંડમાં ગત વર્ષે સુંદર સહકાર આપવા બદલ હું દાતાઓનાં હાર્દિક આભાર માનું છું. બીજા વર્ષના ફાળાની રકમ મે-૧૫ સુધીમાં શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનાં બેંક ઓફ બરોડા, વ્યારા શાખાનાં એકાઉન્ટ નં. 02690100010065 IFC CODE. BARBO VYARAX માં જમા કરાવી મને કાઉન્ટર મોકલી જણાવશો જે, જ્ઞાતિજનો સ્વર્ણિમ ફંડમાં પોતાનો ફાળો નોંધાવવા માટે બાકી રહ્યા છે એ સૌ મિત્રોને વિનંતી કરૂ છુ કે ચાલુ વર્ષથી પાંચ વર્ષ સુધી તમો રૂા. ૧૦૦૦/-, રૂા. ૨૦૦૦/- અને રૂા.૫૦૦૦/- પોતાની યથા શકિત મુજબ ફાળો મહામંડળને આપી શકો છો. મિત્રો આ ફાળાની રકમ ખુબ જ નાની છે. આપણે કોઇ હોટલમાં ફેમિલી સાથે જમવા જઇએ તો રૂા. ૨૦૦૦/- થી વધુ રકમનો ખર્ચ થાય છે સમાજનાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે સહાય માટે રકમ વર્ષમાં એક જ વાર આપવાની છે સૌ જ્ઞાતિજનો ચાલુ વર્ષે પણ ગત વર્ષની સરખામણીમાં વધુ ને વધુ સહકાર આપશે એવી વિનંતી કરૂં છુ.

યુવાન મિત્રો જે પોતાની કારકિર્દી બનાવી ને નોકરી -ધંધામાં જોડાયા છો એવા મિત્રો ને ખાસ વિનંતી કરૂં છુ કે, આપના સહકારથી સમાજની આવનારી પેઢી ને આગળ વધારવા માટે નિમિત્ત બનીએ. આપનાં સહકારની અપેક્ષા રાખુ છુ. રાજપીપળા અને નવસારી એકમમાં નવા હોદ્દેદારોની વરણી ના સમાચાર મળ્યા નવા મિત્રો ને હાર્દિક શુભેચ્છા પાઠવુ છુ અને આપના એકમનો સહકાર મહામંડળને મળશે એવી આશા રાખુ છું.

ક્રિકેટ ટુર્નામેન્ટ માટે એકમો આગળ આવે તો ડિસે. -૧૫ માં આપણે સુંદર ક્રિકેટ સ્પર્ધાનું આયોજન હાથ ધરી શકીયે. આગામી સામાન્ય સભા રાખવાના અયોજન માટે એકમોને વિનંતી કરૂ છું. જે એકમની સામાન્ય સભા રાખવાની ઇચ્છા હોય એ જાણ કરે..

પાલ વિભાગમાં અધિવેશન માટે ત્યાંનાં કાર્યકર મિત્રો, મહિલા મંડળો, યુવા મંડળો સક્રિયતા રાખી આયોજન કરે એવી આશા રાખુ છું. આવો આપણે સૌ ભેગા થઇ સમાજ ના આવા કાર્યો કરીને સમાજના ઉત્કર્ષને આગળ વધારીએ.

અસ્તુ.
જય પંચોલી સમાજ

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.
**02690100010065 IFC Code BARBO VYARAX**
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

નવયુગ શુભચિંતક સ્વ. શાંતિલાલ નાથુભાઈ પંચોલી વડોદરા શ્રી પરેશભાઈ અંબાલાલ પંચોલી વલ્લભ વિદ્યાનગર

સત્‌કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી



**સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી**

**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨-આફ્રિકા-નૈરોબી દેહવિલય : ૧૭.૧૨.૨૦૧૩**

સારા કર્મોની સુગંધ સદાય રહેશે, મીઠીવાણી હંમેશા યાદ રહેશે,
દેહ ભલે અદ્દશ્ય થયો હોય પરંતુ તમારી યાદ સદાય અમારી સાથે રહેશે..
સદ્દગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું શાશ્વત સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઇ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી — શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી

શ્રી યોગેશભાઇ હરકિશનદાસ પંચોલી — શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)

# પ્રથમ પૂણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



જીવન અમારું સોનેરી બનાવી ગયા તમે,
જીંદગીની મૂઠી શીખવાડી ગયા તમે,
સંસ્કારની દિવાલ એવી ચણી આપી તમે,
ન કોઈ પાડી શકે એને આદર શું છે તે બતાવી ગયા તમે,
જીવન રૂપી જ્યોત ઝગમગાવી થયા તમે

**અર્પણકર્તા**

ગં.સ્વ. મંજુલાબેન મહેશભાઈ પંચોલી
ગં.સ્વ. પદમાબેન ઠાકોરદાસ પંચોલી

જેમના સ્મરણનું અસ્ખલિત ઝરણું
અમારા જીવનમાં વહે છે, વહેતુ રહેશે...
એવા અમારા વ્હાલસોયા પપ્પાને અમારા
કોટી કોટી વંદન

ચિ. પિયુષ મહેશભાઈ પંચોલી ચિ. જૈશીલ મહેશભાઈ પંચોલી
શ્રી રાજેશકુમાર પોપટલાલ ગાંધી
શ્રીમતિ નિમીષાબેન રાજેશકુમાર ગાંધી
ચિ. જૈમીન-ચિ. પ્રિયાંશી - ઉધના સુરત
૩૯/૨, અમૃતનગર, હરીનગર-૨ની સામે, સ્વામિનારાયણ મંદિરની
સામેની ગલીમાં, ઉધના-સુરત મો. ૯૯૨૫૪ ૧૬૮૯૩

**સ્વ. મહેશભાઈ ઠાકોરદાસ પંચોલી**
**જન્મ તા. : ૩૦.૦૮.૧૯૫૪**
**સ્વર્ગવાસ તા. : ૦૩.૦૫.૨૦૧૪**

# પ્રથમ પૂણ્યતિથિએ ભાવભરી હૃદયાંજલી

આપની દીકરી માટેની સંવેદના, નિર્મળ સ્નેહ અને વ્હાલ અંકબંધ રહ્યાં,
દીકરી જોડે વ્હાલની કેડીને આપે કદીએ ઢીલી ન પડવા દીધી,
જાણે અજાણે પણ તમોએ અમને દુભવ્યા નથી..
ક્યાંય ઓછું આવવા દીધુ નથી...
અને સ્નેહનું ઝરણું વહાવતાં રહ્યાં છે..
આપની સાથે માણેલી સ્નેહાળ ક્ષણોનું મુલ્યવાન ભાથુ
અમોને હૂંફ આપી રહ્યાં છે...
આપના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરી
હૃદયાંજલી અર્પીએ છીએ......



**આપના વ્હાલા દીકરી જમાઈ અને દોહીત્રો**
શ્રીમતિ નિમીષાબેન રાજેશકુમાર ગાંધી
શ્રી રાજેશકુમાર પોપટલાલ ગાંધી
ચિ. જૈમીન-ચિ. પ્રિયાંશી - ઉધના સુરત

**આપના વ્હાલા દિકરાઓ**
ચિ. પિયુષ મહેશભાઈ પંચોલી
ચિ. જૈશીલ મહેશભાઈ પંચોલી

મહાદેવનગર, હરીનગર-૨ની પાછળ, ઉધના-સુરત

**સ્વ. મહેશભાઈ ઠાકોરદાસ પંચોલી**
**જન્મ તા. : ૩૦.૦૮.૧૯૫૪**
**સ્વર્ગવાસ તા. : ૦૩.૦૫.૨૦૧૪**

## પ્રથમ પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. સવિતાબેન નગીનદાસ પંચોલી**


**સ્વ. : તા. ૨૮.૦૪.૨૦૧૪**

સુખને છલકાવ્યું નહી, દુઃખને કદી દેખાડ્યું નહીં.
જીદગીભર મહેનત કરી, પ્રેમ સહુ પર વર્ષાવી,
ધૂપસળી જેમ જીવન જીવી સુગંધ ચોમેર ફેલાવી ગયા....
એવા અમારા પૂ. માતુશ્રીને હાર્દિક હૃદયાજલી

**અર્પણકર્તા**

વિઠ્ઠલભાઇ નગીનદાસ પંચોલી  લીલાબેન વી. પંચોલી
હરીશકુમાર-મનીષા  અલ્પેશકુમાર-મિત્તલ
ધ્રુવ-હેત-પૂર્વ-યુગ
બી-૨૫, પનઘટપાર્ક, વાઘોડિયારોડ, વડોદરા

## અમારા જીવન બાગમાં ખીલેલું પુષ્પ



**ચિ. પ્રનિત હિમાંશુકુમાર પંચોલી**

**જન્મ : તા. ૧૩.૧.૨૦૧૫**

અમારા જીવનબાગમાં ખીલેલું પુષ્પ
સંસ્કાર અને સમાજસેવાની ફોરમ પ્રસરાવતું
રહે એજ હાર્દિક શુભેચ્છાઓ.....

હિમાંશુકુમાર જગદીશભાઇ પંચોલી
શ્રીમતિ શીતલબેન હિમાંશુકુમાર પંચોલી
૨૨, જમનાપાર્ક સોસાયટી, બોડેલી, જિ. છોટાઉદેપુર
મો. ૯૯૨૪૬ ૬૪૫૦૦

## શિક્ષકની વિદાય વેળાએ

ચૌક , ડસ્ટર , મસ્ટર અને  બાળકો
આ બધા વગર હવે હું શું કરીશ ?
ખૂબ નાની વયે જોયેલું એક સ્વપ્ન ,
૧૮ ની ઉંમરે સાકાર થયું.
પ્રથમ વખત બાળકો સમક્ષ ઊભા રહી
ગુડ મોર્નિંગ ટીચર સાંભળ્યું,
ત્યારે, જે રોમાંચ અનુભવ્યો હતો,
તેવો જ રોમાંચ ૫૮ ની વયે
હજી પણ એવો જ તાજો છે .
સવારે શાળા પ્રવેશે જ
સાથી મિત્રો સાથેનું પ્રથમ
ગુડ મોર્નિંગ ,
વ્હાલા બાળકોના ફોરમતા મુખડે
સંભળાતુ ગુડ મોર્નિંગ ટીચર .
હવે આ બધા વગર હું શું કરીશ ?
આજે આપ સૌ વચ્ચેથી
હું વિદાય તો થાઉં છું પણ ,
શું હૃદયમાંથી
એક શિક્ષક વિદાય થશે ખરો ?
એ તો હજી એવો જ વિદ્યાર્થી
બની રહેશે અને આજીવન
શીખતો રહેશે સ્વગત જ .
તમે સર્વે કદાચ ભૂલી જશો મને ,
પણ હું હંમેશા યાદ કરતી રહીશ .
આપ સર્વેના  એ જ હસતા ચહેરા ,
અને છતાં યે 'અક્ષય' માટે
યક્ષ પ્રશ્ન તો ઊભો જ છે ,
કે હવે સવારે ૧૦ - ૩૦ ના ટકોરે ,
મિત્રો , મને ગુડ મોર્નિંગ કહેનારા તમારા
બધા વગર હવે હું શું કરીશ ?
શોભા મિસ્ત્રી 'અક્ષય' - બીલીમોરા

## ગીતાજી

ફિનિક્સ આશ્રમમાં ગાંધીજી સ્કૂલમાં ગીતા ભણાવતા. ગાંધીજીના મત મુજબ ગીતા કંઇક આવી છે....

'આસુરી સંપતિ અને દૈવી સંપતિ' એટલે આપણી પાપી વૃત્તિ અને પૂણ્ય કરવાની વૃત્તિ. આ બન્ને વચ્ચે મન અને દિલમાં રોજ ઝઘડો ચાલતો હોય છે. એ ઝઘડામાં જીવ(કૃષ્ણ) થઈને જોયા કરે, અને શુ કરવું અને શું ન કરવું એ મન(અર્જુન)ને સમજાવે. જીવ એજ કૃષ્ણ..

પાપ કરવાની ઈચ્છાઓ એક જાતની નથી, પણ અનેક જાતની છે એટલે એ સો ભાઈ(કૌરવ), સારું કામ કરવાની ઈચ્છા થોડી જ હોય છે માટે તે પાંડવ છે. ખરાબ ઈચ્છા મોહમાંથી થાય છે. મોહ આંધળો હોય છે. ખરાબ ઈચ્છા (કૌરવ) નો બાપ અંધ ધુતરાષ્ટ્ર. મોહ બહુ જોરાવર હોય છે માટે ધુતરાષ્ટ્ર જોરાવર હતાં. આવા રૂપક સાથે ગીતા લખાયેલી છે...

બાકી ગીતાજી ખરી બની જ નથી. એ વાંચી જતાં ત્રણ કલાક લાગે તો એ બધી ચર્ચા થતા કેટલી વાર લાગે ? અને કોઈ પણ લડાઈમાં એમ કોઈ કૃષ્ણ અને અર્જુનને રણભૂમિ વચ્ચે વાત કરવા દે ? ભગવાન તે કોઈને મારવાનું કે ઈજા પહોંચાડવાનું કહેતા હશે ? અને તે પણ પોતાના ભાઈઓને જ મારવાનું કહે ? પણ મનમાંથી જન્મેલી સારી ઈચ્છાઓ અને ખરાબ ઈચ્છાઓના ઝગડામાં ખરાબ ઈચ્છાઓનાને મારી નાંખવાનું ભગવાન જરૂર કહે છે....

મૂળ લેખકઃ પ્રભુદાસ છગનલાલ ગાંધી
સંકોન : શૈલેષ હરીશભાઈ પંચોલી

## ગં.સ્વ. ધનુબેન રમણિકભાઈ ગાંધી પરિવાર શૈક્ષણિક ફંડ. વ્યારા

ઉપરોક્ત ફંડ તરફથી બાળમંદિરથી કોલેજ સુધીના સૌ બાળકોને શૈક્ષણિક સહાય હેઠળ નોટબુક તથા પુસ્તક આપવામાં આવશે. માટે સૌ વાલીઓએ પોતાના બાળકોની રીઝલ્ટની પ્રમાણિત કરેલી કોપી(ટ્રુ કોપી)નં. ૨ એકમના પ્રમુખશ્રીના સહી સિક્કા સાથે મોકલવી. વ્યારા, ઉકાઈ, સોનગઢ, પંચોલ, ઉનાઈ, બારડોલી, બાજીપુરા, બુહારી અને માંડવીના વિદ્યાર્થીઓએ હેમંતભાઈ આર. ગાંધી, હેમદીપ, મેઈન બજાર, વ્યારાનો સંપર્ક કરવો.

બીલીમોરા, અજરાઈ, ગણદેવી, વલસાડ, વાપી, ભીલાડ, સરીગામ એકમના વિદ્યાર્થીઓએ શ્રીમતિ શોભાબેન કિશોરભાઈ મિસ્ત્રી, 'ગોવિંદ વિજય' ૩/૫૦, બીલીરોડ, બીલીમોરા ૩૯૬ ૩૨૧નો સંપર્ક કરવો.

નોંધ : મોટા ભાગના ધોરણોના જુલાઈ માસ સુધીમાં રીઝલ્ટ આવી જાય છે. માટે રીઝલ્ટ મળે તુરત માર્કસીટ મોકલી આપવી. સહાય મેળવનાર જે તે એકમના સક્રિય સભ્ય હોવા જરૂરી છે.

### ટ્રીન.... ટ્રીન.....

રામદાસ એન. પંચોલી-વ્યારા
મો. ૮૧૪૦૨૩૧૧૯૯
અશોકભાઈ એન. મિસ્ત્રી-નવસારી
મો. ૮૨૩૮૩ ૩૬૪૧૫

નોંધ : આગામી સામાન્ય સભા યોજવાની જે એકમની ઈચ્છા હોય તેમણે મહામંત્રીશ્રી ચંદ્રકાંતભાઈનો સંપર્ક કરવો.

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ની

# સામાન્ય સભા

જુલાઈ માસમાં યોજવામાં આવશે. તો આપના એકમના એજન્ડા **તા. ૧૫.૦૬.૨૦૧૫** સુધીમાં મહામંત્રીશ્રીને નીચેના સરનામે મોકલી આપવા વિનંતી. સ્થળ, તારીખ અને સમય પાછળથી જાણ કરવામાં આવશે.

**મહામંત્રીશ્રી શ્રી ચંદ્રકાંતભાઈ જે. પંચોલી**
૬૯-એ, 'અત્રિઅનસુયા', રાજેન્દ્રનગર સો. જલારામ મંદિર રોડ,
રાજપીપલા. જિ. નર્મદા ૩૯૩ ૧૪૫ મો. : ૯૪૨૮૭ ૨૧૫૬૭

# પરિવર્તન.....એક સનાતન નિયમ

'હું કહું છું એ સાચુ નથી એ માની લેશો નહીં, પરંપરાથી ચાલ્યુ આવે છે એટલે સાચુ જ હશે એમ પણ માની લેશો નહીં, શાસ્ત્રો અને પુરાણોમાં પણ કહ્યું છે એટલે સાચુ જ હોય એમ પણ માનશો નહીં, પણ તમારુ મન-બુદ્ધિને સ્વીકાર્ય હોય તો જ સાચુ માનશો'.....ભગવાન બુદ્ધ

જીવન અને સમાજ એકબીજાના પર્યાય છે અને બન્ને જરૂરીઆત હોય ત્યાં પરિવર્તન માંગે છે, જે વ્યકિત, સમાજ કે સંસ્થા સમય સાથે પરિવર્તન સાધવામાં નિષ્ફળ જાય છે તે પાછળ રહી જાય છે, અથવા તેનો યોગ્ય વિકાસ થતો નથી.

આજે મારે સમાજ અને સમાજના તમામ અગ્રણીઓને પરિવર્તન બાબતે એક પ્રશ્ન કરવો છે, અને એ છે 'આંતરજ્ઞાતિય લગ્ન' આપણે આ બાબતે થોડા જડ બની ગયા છીએ એવું મને વારંવાર લાગે છે, ભૂતકાળના અનુભવો પણ એવું જ કહે છે, આપણાં સમાજના અગ્રણીઓ કોઇક અકળ કારણોસર આગળ આવીને બોલતા અચકાતા હોવાનું મને લાગ્યા કરે છે અથવા તો આ વિષયને ટાળવા માંગે છે, હું ખોટો સાબિત થાઉં તો સૌથી વધુ ખુશી મને થશે.

આપણો સમાજ ખૂબ જ નાનો અને તેમાં પણ અત્યંત કડવુ સત્ય કે દિકરા કરતાં દિકરીઓનું ભણતર એવરેજ વધુ (પાછલા વર્ષના રેકોર્ડ ચેક કરી શકો છો.) અને એથી ય વધુ કડવું સત્ય એ છે કે જેટલા હાયર એજ્યુકેટેડ યુવાનો છે તેમાનાં ૯૦% યુવાનોએ પોતાની સાથે ભણતી અથવા પ્રેમ લગ્ન કરી અન્ય જ્ઞાતિની યુવતીને ઘરની લક્ષ્મી બનાવી છે, આ બાબતે મારો કોઇ વિરોધ નથી.

આપણાં સમાજનો યુવક જો અન્ય જ્ઞાતિમાં લગ્ન કરે તો આપણે હોંશે હોંશે અપનાવીએ છીએ, અરે એના લગ્ન, રીસેપ્શનમાં ગૌરવભેર જઇએ છીએ. આ સમયે આપણે એવું નથી વિચારતા કે આ યુવાને પંચોલી જ્ઞાતિમાં જ લગ્ન કર્યા હોત તો આપણાં જ સમાજની એક યુવતી આપણી જ્ઞાતીમાં જ લગ્ન કરી શકતે.

મારો મૂળ પ્રશ્ન અને વિચાર એ જ છે કે જો આપણે સમાજના યુવકોને અન્ય જ્ઞાતિમાં લગ્ન કરતાં રોકી શકતા ન હોઇએ તો આપણને કોઇ હકક નથી કે દિકરીઓને યોગ્ય જીવનસાથી પસંદ કરતાં રોકી શકીએ, કે એના પર કોઇ રોક લગાવી શકીએ. સિવાય કે આપણે એ દિકરીઓને તેઓના ભણતર અને લાયકાત પ્રમાણે જીવનસાથી મેળવી આપવાની જવાબદારી લેતા હોઇએ... જો દિકરીઓને આપણાં સમાજમાંથી તેઓને યોગ્ય જીવનસાથી ન મળે તો તેઓ શું કરે ? આજીવન કુંવારી રહે ? શું સમાજ એને મદદ કરી શકશે ? ? જયારે દુનિયા ખૂબ જ નાની થઇ ગઇ છે ત્યારે આપણે કોઇ પરિવર્તન અપનાવવા માંગીએ છીએ કે કેમ ? ? ?

ગાંધીજીએ ૧૯૨૨માં કહ્યું હતું કે 'જ્ઞાતિપ્રથા સમાજની સ્વાભાવિક વ્યવસ્થા છે, અને જે લોકો આ પ્રથાનો વિરોધ કરવા માંગે છે તેનો હું વિરોધી છું.' અને ૧૯૨૫માં તેઓ એ જ કહ્યું 'જ્ઞાતિપ્રથા આજે પતનની દિશામાં છે, અને એનો શ્રેષ્ઠ ઉપાય છે નાની - નાની જ્ઞાતિ મળી મોટી જ્ઞાતિ બનાવવી' (પંચોલી સમાજ ઈતિહાસ દર્પણ પાન નં.-૩)

એટલું જ નહીં આપણાં જુના પાયાના કાર્યકર્તાઓની દિર્ઘદ્રષ્ટિ જુઓ 'ધારા-ધોરણો અને બંધનોમાં સમય અનુકુળ પરિવર્તન નહીં થવાને કારણે સંસ્થામાં જડતા પ્રવેશે છે. એટલે વધુ પડતાં બંધનો લાદવાથી સમાજે દૂર રહેવું જોઇએ..(પંચોલી સમાજ ઈતિહાસ દર્પણ પાન નં. - ૫)

જો પ્રણાલીઓમાં સમયોચિત ફેરફાર થતા રહે તો સમાજ પ્રગતિ સાધી શકે છે અને જો મૂળ પ્રણાલીને જડતાથી વળગી રહેવામાં આવે તો સમાજ પછાત રહે છે.. (પંચોલી સમાજ ઈતિહાસ દર્પણ પાન નં.- ૪)

હવે કંઇ વધુ કહેવાની જરૂર ખરી ? ? ? હું અંગત રીતે માત્ર દિકરીઓના બહિષ્કારની વિરૂધ્ધમાં છું.

આ બાબતે પુખ્ત ગંભીર વિચારણા કરી સમગ્ર સમાજની ઈચ્છા જાણી યોગ્ય નિર્ણય લેવાનો સમય થઇ ગયો છે, વાત રહી બંધારણની તો ભારતના બંધારણમાં આજ સુધીમાં ૫૦-૧૦૦ નહીં પણ ઢગલાબંધ સુધારા થયા છે, અને મહામંડળ તો એક નાનકડી સંસ્થા છે જે સમાજના હિતમાં કોઇ પણ સુધારા કરી શકે જ, ૧૯૬૨માં બંધારણ બન્યા બાદ કોઇ મેજર સુધારા થયા નથી, અને આ બંધારણને ૫૦ વર્ષ થઇ ગયા છે.. આ ૫૦ વર્ષોમાં સંજોગો ઘણાં જ બદલાયા છે અને પરિવર્તન એ પ્રકૃત્તિનો પણ નિયમ છે.. મારી જાણ મુજબ આપણાં બંધારણમાં આ બાબતે કોઇ બંધન નથી..

શું આપણે ઘરના અંગત પ્રસંગે અન્ય પરણેલી દિકરીને નથી બોલાવતા ? એના ઘરે સારા-નરસા પ્રસંગે નથી જતાં ? જો જવાબ 'હા' હોય તો જ આપણે અન્યનો વિરોધ કરવો જોઇએ..એવું મારું માનવું છે...

**આ બાબતે જાહેર ચર્ચા યોજવામાં આવે તો સમાજ શું ઈચ્છે છે તે જાણી શકાય... આ બાબતે સમાજના ભાઈ બહેનોને તેઓનું મંતવ્ય જણાવવા આમંત્રણ છે.....**

હેમંત સી. મિસ્ત્રી-સુરત
hemmistry@gmail.com

નવયુગ શુભચિંતક સ્વ. રમેશચંદ્ર વિઠલભાઈ પંચોલી અમદાવાદ શ્રી રમેશભાઈ વલ્લભભાઈ મપારા અમદાવાદ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ
# શ્રી રામનવમી નવચંડી યજ્ઞ સમારોહ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થા શ્રી પંચોલી ભગીની સમાજ અને આવિષ્કાર ગ્રુપના સથવારે શ્રી રામનવમી નવચંડી યજ્ઞ સમારોહ તા. ૨૮.૦૩.૨૦૧૫ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં અધ્યક્ષ સ્થાને શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી તેમજ અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી બિરાજમાન હતા. નવચંડી યજ્ઞ સમારોહમાં પાંચ યુગલોએ ભાગ લીધો હતો. (૧) શ્રીમતિ ભાનુબેન અને શ્રી ભૂપેન્દ્રભાઇ ગણપતરામ મિસ્ત્રી-સાંતાક્રુઝ (૨) શ્રીમતિ સોનલબેન અને શ્રી સજય જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ (૩) શ્રીમતિ પ્રતિમાબેન અને શ્રી જીતેન્દ્રભાઇ ઉત્તમરામ મિસ્ત્રી-બોરીવલી (૪) શ્રીમતિ હિનાબેન અને શ્રી જયદીપ ગીરીશભાઇ ઝવેરી-ખેતવાડી (૫) શ્રીમતી ડો. ભાવનાબેન અને શ્રી સંદિપ પ્રમોદભાઇ મિસ્ત્રી-અંધેરી

સવારે શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થા પંચોલી ભગીની સમાજ તેમજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપના સથવારે સવારે ૧૦:૦૦ કલાકે 'પંચોલી ગેમ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી બિરાજમાન હતાં. આ શોનું સંચાલન શ્રી વિશાલ કમલ કાપડિયા અને શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રીએ સંભાળ્યું હતું.

બપોરે ૧.૦૦ વાગે હાજર રહેલા લગભગ ૧૫૦ સભ્યોએ સ્વાદિષ્ટ ફરાળી ભોજન માણ્યું હતું. બપોરે ૨.૩૦ કલાકે યુવા મંચ આવિષ્કાર ગ્રુપની સામાન્ય સભા યોજવામાં આવી હતી. જેમાં યુવા મંચ આવિષ્કાર ગ્રુપના પ્રમુખ તરીકે શ્રીમતિ ડિમ્પલબેન હિરલભાઇ મિસ્ત્રીની નિમણૂંક કરવામાં આવી હતી.

બપોર ૩.૩૦ કલાકે શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇની સામાન્ય સભા યોજવામાં આવી. જેમાં નવા પ્રમુખ તરીકે શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રીની નિમણૂંક કરવામાં આવી. સાંજે ૪.૪૦ કલાકે નવચંડી યજ્ઞની પૂર્ણાહૂતિ કરાય. જેમાં હાજર રહેલ સૌએ માતાજીની આરતી અને પ્રસાદનો લાભ લીધો.

સાંજે ૫.૦૦ કલાકે મંત્રીશ્રી પરાગભાઇ નવિનચંદ્ર મિસ્ત્રીએ શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇની વાર્ષિક સામાન્ય સભા વર્ષ ૨૦૧૪-૧૫ની કાર્યવાહી શરૂ કરી. જેમાં સૌ પ્રથમ મંત્રીશ્રી પરાગભાઇએ આજના સમારંભના અધ્યક્ષ શ્રીમાન જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી તેમજ પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીને મંચ પર આમંત્રિત કર્યા. ત્યારબાદ ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી - શ્રી રાહુલભાઇ મિસ્ત્રી, ખજાનચી શ્રી કુંતલ પંચોલી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ ઇલાબેન પંચોલી, આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબેન મિસ્ત્રી અને સમાજના ઓડિટર શ્રી કિરણભાઇ પંચોલીને પોતપોતાનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી હતી. કુલ્લે ૧૧૯ સભ્યોની હાજરીમાં સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી. પ્રથમ સમાજના દિવંગત થયેલ ૬ સભ્યોને શ્રદ્ધાંજલી અર્પણ કરાઇ. જેમાં 'સમાજરત્ન' સ્વ. શ્રી પરમાનંદભાઇ રામભાઇ પંચોલી, મુંબઇના સંસ્થાપકોમાનાં એક એવા સ્વ. શ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રી, સ્વ. શ્રી રશ્મિનભાઇ છગનલાલ પંચોલી, ગં.સ્વ. પદમાબેન ભગવાનજી મિસ્ત્રી, સ્વ. ધીરજલાલ ગાંડાભાઇ પંચોલી, ગં.સ્વ. રમીલાબેન મોહનલાલ પંચોલી.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઇ મિસ્ત્રીનું અધ્યક્ષ સ્થાન સ્વીકારવા બદલ અભિવાદન કર્યુ હતું. પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલી અને અધ્યક્ષશ્રી જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ એકબીજાને બામ્બુ પ્લાન્ટ આપી સન્માન કર્યુ. અધ્યક્ષશ્રી જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે આજની આ કારોબારી પોતાનાં પરિશ્રમ, તન, મન અને ધનથી સર્વે કાર્યો પાર પડે છે એ તારીફે કાબીલ છે. આવીજ પ્રગતિ કારોબારી સમિતિ કરતી રહે એવી શુભેચ્છા આપી હતી અને અધ્યક્ષ સ્થાનેથી સમાજને આજના શુભપ્રસંગે રૂા. ૨૫૦૦/- ભેટ આપી હતી.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ વર્ષ ૨૦૧૩-૧૪ની સામાન્ય સભાની મિનિટસનું વાંચન કર્યુ હતું. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવી. ખજાનચી શ્રી કુંતલભાઇએ વર્ષ ૨૦૧૪-૧૫નો આવક-જાવક અને સરવૈયુ રજુ કર્યા હતાં જેને સર્વાનુમતે મંજુરી મળી. ખજાનચીશ્રીએ લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટનો અહેવાલ અને હિસાબો રજુ કર્યા હતાં જેને સર્વાનુંમતે મંજુરી મળી હતી. શ્રી પંચોલી ભગીની સમાન મુંબઇ વર્ષ ૨૦૧૪-૧૫નો હિસાબ અને અહેવાલની રજૂઆત પ્રમુખશ્રી ડિમ્પલ મિસ્ત્રીએ કરી હતી જેને સર્વાનુમતે મંજુરી મળી હતી. શ્રી યુવા મંચ આવિષ્કાર ગ્રુપ વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાનનો હિસાબ તેમજ અહેવાલ શ્રી વિશાલ કાપડિયાએ કરી હતી અને જેને સર્વાનુમતે મંજુરી મળી હતી.

સહમંત્ર શ્રી વિશાલ કમલ કાપડિયા દ્વારા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન થયેલી દરેક મિટિંગ તેમજ વર્ષ દરમ્યાન શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાઓ દ્વારા યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક તેમજ અન્ય રંગારંગ કાર્યક્રમોની રૂપરેખા ખૂબ જ સુંદર રીતે રજુ કરાય હતી. તે પછી પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીએ તેમની વર્ષ ૨૦૧૪-૧૫ની કારોબારી સમિતિ તેમજ કારોબારી સભ્યોના કાર્યોની પ્રસંશા કરી હતી અને દરેક કારોબારી સભ્યોને સ્વ. શ્રી મણિલાલ ભુલાભાઇ પંચોલી તેમજ સ્વ. એ.સૌ. ભગવતીબેન મણિલાલ પંચોલીના સ્મરણાર્થે આપવામાં આવેલ માતબર દાનના ફકત વ્યાજ વપરાશમાંથી શ્રીમાન કિરણભાઇ મણિલાલ પંચોલીના વરદ હસ્તે અમૂલ્ય બામ્બુ પ્લાન્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા.

નવયુગ શુભચિંતક શ્રી જીતેન્દ્રભાઇ છગનલાલ મિસ્ત્રી અમદાવાદ શ્રી રમેશચંદ્ર મગનલાલ પંચોલી છોટાઉદેપુર

દિપોત્સવી રસોત્સવ વિશે ચર્ચા વિચારણાની રજુઆત પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલી દ્વારા કરવામાં આવી અને સમાજના ઉભરતા તારલાઓ તેમજ નવા યંગસ્ટરો પાસેથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાવવા એવા સુચનો તેમજ અભિપ્રાયો સામાન્ય સભામાંથી મળ્યા હતા.

વસ્તીપત્રક છપાવવું અથવા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ નવી વેબ સાઇટ બનાવી અપડેટ કરવી. એ વિશે વિસ્તૃત માહિતી સામાન્ય સભા સમક્ષ શ્રી હર્ષ ભાવિક કાપડિયા દ્વારા આપવામાં આવી હતી. જેમાં વિવિધ સૂચનો અને અભિપ્રાયો બાદ નવી વેબ સાઇટ બનાવવા સામાન્ય સભાની મંજુરી મળી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પંચોલી તરફથી પિતાશ્રી 'સમાજરત્ન' શ્રી પરમાનંદભાઇ રામભાઇ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૩૧,૧૧૧/-ની જાહેરાત કરી હતી જેને સૌએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ સામાન્ય સભાને જાણ કરી હતી કે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી આપવામાં આવતી વિધવા સહાયની રકમ રૂા. ૨૫૦૦/- થી વધારીને રૂા. ૩૦૦૦/- કરવામાં આવી છે. તેમજ એક સદ્‌ગૃહસ્થ તરફથી દરેક મહિલાને રૂા. ૯૫૦/- આપવામાં આવ્યા છે. અને વિધવા સહાય વધીને રૂા. ૩,૭૫૦/- થઇ હતી. શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી તેમજ નવિનભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીએ આગ્રહ કર્યો હતો કે વર્ષ ૨૦૧૫-૧૬ માટે નવા પ્રમુખ તરીકે ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીએ જ કાર્યભાર સંભાળવો જોઇએ. અને સામાન્ય સભામાં હાજર રહેલા તમામ સભ્યોએ પ્રમુખશ્રી તરીકે ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતાં.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ સામાન્ય સભાનું હાજર રહેલ સૌ સભ્યોનું આજરોજના અધ્યક્ષશ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી તેમન કારોબારી સમિતિ ૨૦૧૪-૧૫નો આભાર વ્યકત કર્યો હતો. અને સૌને સ્વાદિષ્ટ રાત્રી ભોજનની પરવાનગી આપવામાં આવી હતી. અને સામાન્ય સભા ૨૦૧૪-૧૫ને બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી.

આજના પ્રસંગે નીચે મુજબની ભેટ મળી હતી.

| | | |
|---|---|---|
| ૧૧૧૧ | શ્રી સંદિપ પ્રમોદભાઇ મિસ્ત્રી-અંધેરી | નિ.ફંડ |
| ૨૨૨૨ | શ્રી ભૂપેન્દ્ર ગણપતરામ મિસ્ત્રી-શાંતાક્રુઝ | નિ.ફંડ |
| ૫૦૦ | શ્રી ભૂપેન્દ્ર ગણપતરામ મિસ્ત્રી-શાંતાક્રુઝ | પ્રસંગભેટ |
| ૨૦૦ | શ્રી જતીન ચુનીલાલ પંચોલી-ગોલદેવલ | મહેમાન ફી |
| ૨૫૧ | શ્રીમતિ હિનાબેન જયદીપ ઝવેરી-ખેતવાડી | આ.સભ્ય ફી |
| ૧૧૧૧ | શ્રી સનતભાઇ રામુભાઇ પંચોલી-વ્યારા | પ્રસંગ ભેટ |
| ૨૦૦૦ | 'સમાનરત્ન' પરમાનંદભાઇ રામભાઇ પંચોલી-શાંતાક્રુઝ જાહેરખબર અહેવાલ | |
| ૨૧૬૬ | શ્રી સંજય જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ | નિ.ફંડ |
| ૨૦૨૦ | શ્રી જુબીન ભૂપેન્દ્ર પંચોલી-મઝગાંવ | નિ. ફંડ |
| ૮૨૫૦ | એક સદ્ ગુહસ્થ તરફથી | મુંબઇ વિધવા સહાય |
| ૧૧૧૧ | શ્રી સંજય જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ | પ્ર.ભેટ |
| ૨૨૨૨ | શ્રી ગિરીશ નટવરભાઇ ઝવેરી-ખેતવાડી | નિ.ફંડ |
| ૨૨૨૨ | શ્રી જયદિપ ગિરીશ ઝવેરી-ખેતવનડી | નિ.ફંડ |
| ૧૧૧૫ | શ્રી જયદિપ ગિરીશ ઝવેરી-ખેતવાડી | લગ્નપ્રસંગનિમિત્તે |
| ૧૫૦૧ | શ્રી જયદિપ ગિરીશ ઝવેરી ખેતવાડી | પ્ર.ભેટ |
| ૬૦૦ | શ્રી જયદિપ ગિરીશ ઝવેરી-ખેતવાડી | મહેમાન ભેટ |
| ૧૦૦૧ | શ્રી જીતેન્દ્ર ઉત્તમરામ મિસ્ત્રી-બોરીવલી | પ્ર.ભેટ |
| ૧૫૦૦ | શ્રી સંદિપ પ્રમોદભાઇ મિસ્ત્રી-અંધેરી | પ્ર.ભેટ |
| ૨૨૨૨ | શ્રી સૂર્યકાંત નટવરલાલ જવેરી-અંધેરી | નિ.ફંડ |
| ૧૫૧ | શ્રી ગિરિશ ઠાકોરલાલ પંચોલી-નવસારી | પ્ર.ભેટ |
| ૨૨૨૨ | શ્રી દિવ્યકાંત ભરત મિસ્ત્રી-મુંબઇ | નિ. ફંડ |
| ૨૨૦૦ | શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી-મુંબઇ | નિ. ફંડ |
| ૨૫૦૦ | શ્રીમતિ કિરણબેન પ્રિયવદન મિસ્ત્રી-જોગેશ્વરી | પ્ર.ભેટ |
| ૨૨૧૬ | શ્રી કલ્પેશ જયંતિલાલ મિસ્ત્રી-અંધેરી | નિ.ફંડ |
| ૧૦૧ | શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી-કાંદીવલી | પ્ર. ભેટ |
| ૧૧૧૧ | શ્રી શૈલેષ ધીરજલાલ પંચોલી-મુંબઇ | નિ.ફંડ |
| ૧૨૨૨ | શ્રી જયેશ હરકિશનદાસ મિસ્ત્રી-વિરાર | નિ.ફંડ |
| ૨૦૦૦ | શ્રી હરેશ હિરાલાલ પંચોલી-મલાડ | નિ.ફંડ |
| ૫૫૫૫ | શ્રી નિલેશ રજનીકાંત પંચોલી-કાંદીવલી | ગૃહપ્રવેશભેટ |
| ૧૫૧ | શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ | પ્ર.ભેટ |
| ૨૨૨૨ | શ્રી કેતન પ્રદિપ પંચોલી-મીરારોડ | નિ.ફંડ |
| ૨૨૨૨ | શ્રી રવિન્દ્ર છગનલાલ મિસ્ત્રી-મીરારોડ | નિ.ફંડ |
| ૨૫૧ | શ્રી રાજેન્દ્ર રમેશભાઇ પંચોલી-મુંબઇ | પ્ર.ભેટ |
| ૨૨૨૨ | શ્રી ગૌરવ પ્રવિણ ડા. મિસ્ત્રી-ગોરેગાંવ | નિ.ફંડ |
| ૨૦૧ | શ્રી હરીશભાઇ નરોત્તમ મિસ્ત્રી-મુંબઇ | મહેમાન ફી |
| ૨૦૧ | શ્રી જયંતભાઇ રણછોડ મહેતા-કાંદીવલી | પ્ર.ભેટ |
| ૨૦૦૦ | શ્રીમતિ આરતીબેન કિશોર પંચોલી-મીરારોડ અહેવાલ | જા.ખ. |
| ૫૦૦૦ | શ્રીમતિ આરતી કિશોર મિસ્ત્રી-મીરારોડ | વિધવા સહાય |
| ૩૫૧ | શ્રી સાગર મનિષ પંચોલી-મુંબઇ | આ.સભ્ય |
| ૬૬૬૬ | શ્રી સાગર મનિષપંચોલી-મુંબઇ | નિ.ફંડ |
| ૧૦૦૧ | શ્રી રાજેન્દ્ર જેકીશનદાસ મિસ્ત્રી-સુરત | પ્ર.ભેટ |
| ૭૫૦ | એક સદ્ ગૃહસ્થ તરફથી -મુંબઇ | વિધવા સહાય |
| ૧૦૦૧ | શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી-મુંબઇ | જા.ખ. |
| ૨૨૨ | શ્રી રશ્મિન જયંતિભાઇ મિસ્ત્રી-મુંબઇ | નિ.ફંડ |
| ૧૫૧ | શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રી | પ્ર.ભેટ |
| ૧૫૧ | શ્રીમતિ પ્રભાબેન રશ્મિન મિસ્ત્રી-મુંબઇ | પ્ર.ભેટ |
| ૨૨૦૦ | શ્રી ઉમેશ મોહનલાલ પંચોલી-કાંદીવલી | નિ.ફંડ |
| ૨૫૦૦ | શ્રી જીતેન્દ્ર ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ | અધ્યક્ષસ્થાનેથી |

**નોંધ :** આ.સભ્ય ફી-આજીવન સભ્ય ફી, પ્ર.ભેટ-રામનવમી પ્રસંગભેટ, નિ.ફંડ-નિભાવ ફંડ વાંચવું

નવયુગ શુભચિંતક સ્વ. લાડીલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર શ્રી નગીનલાલ હિમંતલાલ પંચોલી છોટાઉદેપુર

# સંસ્થા સમાચાર......

## પંચોલી સેવા સમાજ સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડા અને મહિલા મંડળની જનરલ મિટિંગ તા. ૨૨.૦૩.૨૦૧૫ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સમાજની વાડીમાં કરવામાં આવી હતી. મિટિંગની શરૂઆત નામી-અનામી દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવામાં આવી. મંત્રીશ્રી દિલીપભાઇ બાબુભાઇ પંચોલીએ વર્ષ ૨૦૧૪-૧૫ના શ્રી પંચોલી સમાજના તથા વાડી જીર્ણોદ્ધારના હિસાબો રજુ કર્યા. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ પંચોલીએ સવંત ૨૦૧૪-૧૫ના ઉજાણી તથા શિક્ષણ વિભાગના હિસાબો રજુ કર્યા તે પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઇ અને સભ્યશ્રીઓએ મંજુર કર્યા.

ચૈત્ર સુદ-૮ની ઉજાણી અંગે ચર્ચા કરવામાં આવી. જેમાં સમાજના સભ્યશ્રીઓએ ઉજાણીનો ફાળો ઉઘરાવી સવાર-સાંજનું ભોજન નકકી કરવામાં આવ્યું. સવારનું ભોજન સમાજ તરફથી તથા આશિષભાઇ પ્રવિણચંદ્ર પંચોલી તરફથી શ્રીખંડ સ્પોન્સર કરવામાં આવ્યો. ઉજાણી માટે નીચે મુજબ ફાળો મળ્યો.

૧,૧૧૧ કિશનભાઇ અંબાલાલ પંચોલી
૧,૧૧૧ પ્રવિણચંદ્ર કાંતિલાલ પંચોલી
૧,૧૧૧ પ્રકાશચંદ્ર ડાહ્યાભાઇ પંચોલી
૭૫૧ ચંદ્રકાંતભાઇ ચંદુલાલ પંચોલી
૫૫૧ અશ્વિનભાઇ મુળજીભાઇ પંચોલી
૫૦૧ શ્રી પંચોલી મહિલા મંડળ-સંખેડા
૫૦૧ જયંતિભાઇ શનાભાઇ પંચોલી
૫૦૧ નરેન્દ્રભાઇ ચંપકલાલ પંચોલી
૫૦૧ વિશાલભાઇ ગોપાલભાઇ પંચોલી
૫૦૧ મહેશભાઇ શનાભાઇ પંચોલી
૫૦૧ જયદિપકુમાર ચંપકલાલ પંચોલી
૫૦૧ ધર્મેશભાઇ પ્રવિણચંદ્ર પંચોલી
૫૦૧ અશોકભાઇ જેઠાભાઇ પંચોલી
૫૦૧ જીગ્નેશભાઇ ઇન્દ્રવદનભાઇ પંચોલી
૫૦૧ પ્રજ્ઞેશભાઇ જયપ્રકાશભાઇ પંચોલી
૫૦૧ ગોવિંદલાલ નાનાલાલ પંચોલી
૫૦૦ રાજેશભાઇ જેઠાલાલ પંચોલી
૫૦૦ ઠાકોરભાઇ નટવરલાલ પંચોલી
૫૦૦ ગોવિંદલાલ છોટાલાલ પંચોલી
૩૫૧ જયેશભાઇ હસમુખભાઇ પંચોલી
૩૦૧ ગોપાલભાઇ ચીમનભાઇ પંચોલી
૨૫૧ દિલીપભાઇ બાબુભાઇ પંચોલી
૨૫૧ ઠાકોરભાઇ ચંપકભાઇ પંચોલી
૨૫૧ ભાવિક શૈલેષભાઇ પંચોલી
૨૫૧ અશોકભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી
૨૫૧ મહેશભાઇ અંબાલાલ પંચોલી
૨૫૦ મહેન્દ્રભાઇ ચીમનલાલ પંચોલી
૨૦૧ હેમંતભાઇ ત્રિભોવનદાસ પંચોલી
૨૦૧ કિરીટભાઇ જયંતિલાલ પંચોલી
૨૦૧ નારણભાઇ કાંતીલાલ પંચોલી હાડોદ
૨૦૧ એક વ્યકિત તરફથી
૨૦૦ અંબાલાલ છોટાલાલ પંચોલી
૨૦૦ હર્ષદભાઇ કાંતિલાલ પંચોલી
૧૫૧ ગોપાલભાઇ ચીમનભાઇ પંચોલી
૧૫૧ ભૂપેન્દ્રભાઇ કાંતિલાલ પંચોલી
૧૫૦ સુરેશભાઇ મંગુભાઇ પંચોલી
૧૫૦ રણછોડભાઇ ત્રિભોવનદાસ પંચોલી
૧૫૦ ભૂપેન્દ્રભાઇ અંબાલાલ પંચોલી
૧૦૧ ભાનુબેન જયંતિલાલ પંચોલી

જનરલ મિટિંગમાં વાર્ષિક સભ્ય ફી રૂા. ૫૦/- હતી તે વધારીને સભ્ય ફી રૂા. ૧૦૦/- સર્વાનુમતે કરવામાં આવી. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

ચૈત્ર સુદ આઠમના દિવસે મહાલક્ષ્મીમાતાના મંદિરમાં પંચોલી સમાજ તરફથી 'લક્ષ્મીહોમ' રાખવામાં આવ્યો. જેમાં યજમાન તરીકે જીજ્ઞેશકુમાર ઇન્દ્રવદનભાઇ પંચોલી પૂજામાં બેઠા હતાં. સમાજના સભ્યોએ દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો.

બપોરે ૧૨ કલાક બાદ સમૂહ ભોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે ૫.૦૦ કલાકે સમાજની વાડીમાં ઇનામ-વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. નાના બાળકોએ બાળગીત અને દેશભકિત ગીતો રજુ કર્યા હતાં. વડિલો તરફથી બાળકોને રોકડ ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા. મહિલા મંડળની બહેનોએ ગરબા-રાસની રમઝટ બોલાવી હતી. શ્રીમતિ ઇંદુબેન સુરેશભાઇ પંચોલી આંગણવાડીની નિષ્ઠા પૂર્વક સેવા બજાવવા બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું.

સંખેડા એકમના નોકરી કરતાં યુવાનો તરફથી વાડીના જીર્ણોદ્ધાર માટે મળેલ દાન...

૫૫૫૫ રાકેશભાઇ મહેશભાઇ પંચોલી-
૫૫૫૫ રીકીનભાઇ જયંતીલાલ પંચોલી
૫૫૫૫ હિમાંશુ ચંદ્રકાંતભાઇ પંચોલી
૫૫૫૫ કેતુલ ચંદ્રકાંતભાઇ પંચોલી
૫૫૫૫ અલ્કેશકુમાર ગોવિંદલાલ પંચોલી
૫૫૫૫ પ્રજ્ઞેશભાઇ જયપ્રકાશભાઇ પંચોલી
૧૧૧૧ હાર્દિકભાઇ અશોકભાઇ પંચોલી-LIC એજન્ટ બન્યા તે નિમિત્તે..

નવયુગ શુભચિંતક શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર

વાડીના જીર્ણોદ્ધાર માટે અનામત પેટે મળેલ રકમ
૨૫૦૦૦ પ્રવિણચંદ્ર કાંતિલાલ પંચોલી
૨૧૦૦૦ ચંપાબેન સુધીરભાઇ પંચોલી
૧૧૦૦૦ મહેશભાઇ શનાભાઇ પંચોલી
અંતમાં મહાપ્રસાદ લઇ સૌ છુટા પડયા.

## પંચોલી સમાજ - વડોદરા

શ્રી પંચોલી સમાજ વડોદરાની યુવા સભ્યોની એક મિટિંગનું આયોજન શ્રી અભય એન. પંચોલીના નિવાસસ્થાને રાખવામાં આવ્યુ હતું. જેમાં સુરત મુકામે યોજાનાર યુવા કાર્યક્રમ 'ઉડાન' તેમજ સ્વયં ગ્રુપ વડોદરાની સ્થાપના કરવા માટે મળી. જેની ચર્ચા પ્રમુખશ્રી - મંત્રીશ્રી - શૈક્ષણિક સહ કન્વીનરશ્રી સહિત ૩૫ યુવા સભ્યોએ સહિત મળી જેમાં ઉડાન વિશેની માહિતી અભયભાઇએ આપી હતી અને કાર્યક્રમમાં ભાગ લેવા અપીલ કરી હતી. સૌ યુવા સભ્યોની સંમતિથી સ્વયં ગ્રુપ વડોદરાની સ્થાપના કરવામાં આવી.

પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સૌ યુવાનો આગળ આવે, સમાજમાં રસ લેતા થાય અને ભવિષ્યમાં સમાજનો દોર આગળ વધે એવી અપીલ કરવામાં આવી હતી. નોટબુક-ચોપડાનાં ફંડ માટે સમાજના સભ્યોનો સહકાર આવકાર્ય છે.. શૈક્ષણિક ફંડ માટે અપીલ કરવામાં આવી હતી.

પંચોલી સમાજ વડોદરા અને સ્વયંગ્રુપ વડોદરાએ ઉડાન કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

પંચોલી સમાજ વડોદરા તરફથી નોટબુક તથા ચોપડાનું વિતરણ ૫૦%ના ભાવે મળશે જેની નોંધ લેવા વિનંતી છે. જેમાં ૬૦ પેજની નોટબુક રૂા. ૮ તથા ૧૪૪ પેજ ફુલ સાઇઝ ચોપડા રૂા. ૧૦માં મળશે...

રૂા. ૨૦૦૦/- ગિરીશભાઇ એમ. પંચોલી, રૂા. ૧૦૦૦/- હરીશચંદ્ર આઇ. ગજ્જર તરફથી નોટબુક/ચોપડા ફંડમાં મળ્યા... દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

## પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ - વડોદરા

સમાજ સેવાના ધ્યેય સહિત સમાજ ભવનના નિર્માણને સાકાર કરવા પ્રયત્નશીલ વડોદરાની આ સંસ્થાને વડોદરા બહારના પંચોલી સમાજના પરિવારો તરફથી પ્રોત્સાહક પ્રતિભાવ સાંપડયો છે. જમીન સંપાદનનું પ્રથમ પગથિયું પાર પડયું એ બદલ પ્રત્યેક પરિવાર ખુશી વ્યક્ત કરે છે. બાંધકામનું કાર્ય મુશ્કેલ છે પરંતુ સૌનો આર્થિક સહકાર મળતાં આ કાર્ય પણ સુપેરે પાર પડશે એવી શ્રદ્ધા છે. સંસ્થાના રજીસ્ટ્રેશન પછી ૩૭ જેટલાં દાતાઓએ રૂપિયા છ લાખ ચૌદ હજાર એકસો એકોતેર ભવન બાંધકામ માટે દાન આપ્યું છે. દસેક લાખ રૂપિયાના ફાળાની ખાત્રી મળી છે અને અમેરિકા, ઇંગ્લેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલીયા સહિત પરદેશમાં વસતા પંચોલી પરિવારો બાંધકામના કાર્યને વેગ આપવા પ્રતિબદ્ધ છે. તેમના તરફથી ફોન પર સાનુકૂળ પ્રતિભાવો મળે છે. પચાસેક લાખનો લક્ષ્યાંક સિદ્ધ થાય તો પહેલા માળ સુધીનું બાંધકામ થાય અને ઉપયોગ શરૂ થતાં આવક વધે તેમજ દાતાઓનો ઉત્સાહ પણ બેવડાશે. સમાજના પ્રત્યેક પરિવાર સમાજ ભવનના સ્વપ્નને સાકાર કરવા તન, મન અને ધનથી સહકાર આપશે તો વિલંબના કારણે મોંઘવારીના મારથી બચી શકાશે. પાલ વિભાગની મુલાકાતની શરૂઆત સંખેડા-બહાદરપુરના પરિવારોથી કરવામાં આવી. કેટલાંક પરિવારો સામાજિક કારણોસર બહાર ગયા હતાં. પરંતું ફોન પર સંપર્ક થતાં તેમના તરફથી સારો પ્રતિભાવ મળ્યા છે નવા દાન નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૨૧,૧૨૧ | ગોવિંદભાઇ કાળીદાસ પંચોલી-વડોદરા |
| ૧૫,૦૦૧ | સ્વ. ચંચળબેન અને સ્વ. વલ્લભભાઇ ભગવાનજી પંચોલીના સ્મરણાર્થે શ્રી હરિકીશનભાઇ વલ્લભભાઇ પંચોલી-બહાદરપુર |
| ૧૧,૧૧૧ | શ્રી પ્રવિણભાઇ કાંતિલાલ પંચોલી |
| ૧૨,૫૫૧ | સ્વ. ચંપકલાલ નાથાલાલ પંચોલીના સ્મરણાર્થે શ્રીમતિ મંજુલાબેન તથા જયદીપ સી. પંચોલી સંખેડા |
| ૧૧,૧૧૧ | પુરૂષોત્તમદાસ કાલીદાસ પંચોલી-વડોદરા |

## પંચોલી સેવા સમાજ - ચાંદોદ

પંચોલી સેવા સમાજ ચાંદોદ-માંડવાની મિટિંગ તા. ૨૪.૩.૨૦૧૫ના રોજ ભગવતભાઇ પંચોલીના નિવાસ સ્થાને મળી. ગત વર્ષના હિસાબો રજુ કરવામાં આવ્યા. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. દર વર્ષે સમાજની વાડીમાં ચૈત્રસુદ આઠમના રોજ હવન થાય છે તે અંગે ચર્ચા કરવામાં આવી. આ વર્ષે હવનમાં યજમાન પદે કેયૂરભાઇ પ્રવિણચંદ્ર પંચોલીનું નામ મુકતાં એનો સહર્ષ સ્વીકાર કર્યો. અલ્પાહાર બાદ તા. ૨૭.૩.૨૦૧૫ના રોજ સાંજે ૫ કલાકે વાડીમાં હાજર રહેવાનું નક્કી કરી છુટા પડયા.

ચૈત્ર સુદ આઠમ અને તા. ૨૭.૩.૨૦૧૫ના રોજ સાંજે ૫ કલાકે સૌ જ્ઞાતિજનો હવન માટે સૌ ભેગા મળ્યા અને સુંદર શ્લોકગાન સાથે હવનની શરૂઆત કરી. અંતમાં આરતી પ્રસાદ બાદ સમૂહમાં મહાપ્રસાદ આરોગી સૌ છુટા પડયા.

નવયુગ શુભચિંતક સ્વ. અંબાલાલ નાથાલાલ પંચોલી તેજગઢ સ્વ. ચીમનભાઈ પરસોત્તમદાસ પંચોલી જબુગામ

પંચોલી સેવા સમાજ મુંબઇ સંચાલિત

## આવિષ્કાર ગ્રુપ-યુવામંચ આયોજીત
## પંચોલી ગેમ શો

રામનવમીના શુભ પ્રસંગે સૂર્યનારાયણ વાડી હોલ ખાતે આવિષ્કાર ગ્રુપ દ્વારા 'પંચોલી ગેમ શો'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગેમ સમાજના દરેક સભ્યો માટેની હતી. સૌ પ્રથમ ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ ઇલાબેન તથા આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબેને આજના સમારંભના અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને સ્ટેજ પર બિરાજવા આમંત્રણ આપ્યું. પુષ્પગુચ્છથી તેમનું સ્વાગત કર્યા બાદ અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેને આર્શીવચનો કહ્યા. શ્રીમતિ ડિમ્પલબેને સ્વાગત પ્રવચન કરી કાર્યભાર શ્રી વિશાલ કમલ કાપડિયા તેમજ શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રીને સોપ્યો. આજના પ્રસંગે શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધીએ સ્વરચિત કવિતાનું પઠન કર્યુ. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી..

ડિમ્પલબેને કાર્યક્રમની રૂપરેખા સમજાવી. નોંધાવેલ નામ મુજબ ચિઠ્ઠી કાઢતા ગયા અને સ્પર્ધકો આવતા ગયા. સ્ટેજ પર સૌ નિહાળી શકે એ રીતે ચાર ચાર સ્પર્ધકોને વન મિનિટ ગેમ રમાડી, પ્રથમ બે વિજેતા ઘોષિત થયા. યુવાનો અને બાળકો માટે ગેમના જુદા રાઉન્ડ લેવામાં આવ્યા હતાં અને એમાંથી પણ વિજેતાઓ પસંદ કરતા ગયા. અંતમાં ફાયનલિસ્ટો માટે ગ્રુપ બનાવવામાં આવ્યા. પ્રથમ આ ગ્રુપો વચ્ચે સેમી ફાયનલ અને ત્યારબાદ ફાયનલ રાઉન્ડ રમાડવામાં આવ્યો. સૌએ ઉત્સાહભેર ભાગ લઇ એકબીજા સાથે રમવાનો આનંદ માણ્યો. પંચોલી ગેમ શોના વિજેતાઓ નીચે મુજબ છે.

પ્રથમ : (ગ્રુપ પ્રમાણે) શ્રી પરાગ એન મિસ્ત્રી, શ્રીમતિ સોનલ પી. મિસ્ત્રી, શ્રીમતિ એષા હર્ષ પંચોલી, શ્રીમતિ રેશ્મા કલ્પેશ પંચોલી, કુ. યુકતા મિનેષ મિસ્ત્રી

દ્વિતીય : શ્રી નયન એન. મિસ્ત્રી, શ્રીમતિ ડિમ્પલ એન. મિસ્ત્રી, શ્રીમતિ કેતના મનીષ પંચોલી,

તૃતિય : શ્રી દેવાંગ કે. ગાંધી, શ્રીમતિ પૂર્ણિમાબેન કે. ગાંધી, શ્રીમતિ જ્યોતિ જતીન મિસ્ત્રી, શ્રીમતિ હેમેક્ષા યતિન મિસ્ત્રી, કુ. કસક મિસ્ત્રી..

આ પ્રસંગે ભાગ લેનાર દરેક બાળકોને ઇનામો અપાયા હતાં. આજના પ્રસંગે અપાયેલ ઇનામોના સ્પોન્સર તેમજ વિતરણકર્તા 'નારીરત્ન' માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી રહ્યા હતાં. અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન જીતેન્દ્ર મિસ્ત્રી તરફથી રૂા. ૫૦૧/-ની ભેટ આવિષ્કાર ગ્રપણને આપી હતી. પ્રમુખ શ્રીમતિ ડિમ્પલબેને આજના પ્રસંગના સંચાલક અને કાર્યક્રમમાં સૌને હાસ્યના ફુવારામાં તરબોળ કરવા બદલ શ્રી પરાગભાઇ તથા શ્રી વિશાલભાઇનો આભાર વ્યકત કર્યો હતો. ઇનામ સ્પોન્સર તેમજ ભેટ આપનાર નારીરત્ન શ્રીમતિ હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી તેમજ ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રીનો તેમજ સમગ્ર કાર્યક્રમમાં સાથ-સહકાર આપનાર આવિષ્કાર ગ્રુપનાકારોબારી સભ્યોનો આભાર વ્યકત કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી..

આવિષ્કાર ગ્રુપની વર્ષ ૨૦૧૫-૧૬ની કારોબારી

| | |
|---|---|
| પ્રમુખ-શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી | ૦૯૮૨૦૯૯૪૩૪૯ |
| ઉપપ્રમુખ-શ્રી વિશાલ કમલ કાપડિયા | ૦૯૮૬૭૫૯૩૬૦૬ |
| મંત્રી-શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી | ૦૮૮૭૯૦૨૯૮૮૮ |
| ખજાનચી-શ્રી મયુર જગદીશ મિસ્ત્રી | ૦૯૭૭૩૬૧૦૦૬૦ |
| કારોબારી સભ્ય-શ્રી જય મુકેશ પંચોલી | ૦૯૮૨૧૯૩૪૪૫૬ |
| કુ. યેશા સંજય મિસ્ત્રી | ૦૯૮૨૦૮૪૬૯૧૩ |
| કુ. વૈશાખી કુમારેશ મિસ્ત્રી | ૦૯૯૨૦૬૫૮૯૦૫ |
| શ્રીમતિ ડિમ્પલ નયન મિસ્ત્રી | ૦૮૦૯૭૦૨૨૫૧૦ |
| શ્રી હર્ષ ભાવિક કાપડિયા | ૦૯૭૭૩૨૯૬૦૦૭ |
| શ્રી પ્રતિક કમલેશ પંચોલી | ૦૯૮૩૩૦૭૯૯૦૦ |
| શ્રી નયન નવિન મિસ્ત્રી | ૦૮૦૭૯૦૬૨૫૧૦ |
| કુ. મોનાલી મહેન્દ્ર મિસ્ત્રી | ૦૯૮૩૩૭૯૨૧૪૧ |
| એડવાઇઝર - શ્રી મુકેશ પરમાનંદ પંચોલી | ૦૯૮૨૧૨૨૧૮૫૧ |
| શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા | ૦૯૮૬૭૭૨૧૮૬૭ |

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વર્ષ ૨૦૧૫-૧૬ની પ્રથમ કારોબારી સભાનું આયોજન રવિવાર તા. ૨૫.૦૪.૨૦૧૫ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને કરવામાં આવ્યું હતું. નેપાળમાં આવેલ ધરતીકંપમા મૃત્યુ પામેલા લોકોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપી હતી.

આજરોજ નીચે મુજબના એજન્ડા પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ૧. ગત મિટિંગ-મીનીટસનું વાંચન. ૨. નવી કારોબારી તેમજ અન્ય સંસ્થાઓની રચના. ૩. રામનવમી -૨૦૧૫ હિસાબની રજુઆત. સ્વયંનું યુવા અધિવેશન'ઉડાન' વિશે ચર્ચા. ૫. પ્રમુખશ્રીની મંજુરીથી સભામાં રજૂ થાય તે..

સૌ પ્રથમ મંત્રી શ્રી પરાગભાઇ મિસ્ત્રીએ સભાની શરૂઆત કરી હતી. તેઓએ ગત મિટિંગની મીનીટસનું વાંચન પ્રતિક કમલેશ પંચોલીને કરવા વિનંતી કરી. શ્રી પ્રતિક પંચોલીના વાંચનબાદ મિનિટસને સર્વાનુમતે પાસ જાહેર કરાય હતી.

તા. ૨૮.૩.૨૦૧૫ના રોજ રામનવમીનાં હિસાબની રજુઆત મંત્રીશ્રી પરાગભાઇએ કરી એને સર્વાનુમતે હિસાબ પાસ જાહેર કરાયો હતો..

નવી કારોબારી સમિતિની રચના તેમજ જાહેરાત પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઇ પંચોલી દ્વારા કરાઇ હતી જે નીચે મુજબ છે..

પ્રમુખ-ડો. ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-મઝગાંવ
૦૯૭૬૯૮૩૦૨૨૩

ઉપપ્રમુખ-શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી-શાંતાક્રુઝ
૦૯૮૨૧૨૨૧૮૫૧

નવયુગ શુભચિંતક શ્રી કિશનલાલ મગનલાલ પંચોલી જબુગામ શ્રી વિઠલદાસ મોહનલાલ પંચોલી જબુગામ

ઉપપ્રમુખ-શ્રી મુકેશભાઇ હિરેન્દ્રભાઇ ઝવેરી-અંધેરી ૦૯૮૯૨૫૬૪૧૧૬
મંત્રી-શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ ૦૯૨૨૩૪૩૩૬૩૮
સહમંત્રી-શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-ખેતવાડી ૦૯૮૬૭૫૯૩૬૦૬
ખજાનચી-શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા-મીરારોડ ૦૯૮૬૭૭૨૧૮૬૭
સ.ખજાનચી-શ્રી કુંતલ પ્રકુલભાઇ પંચોલી-મીરારોડ ૦૯૭૦૨૧૨૪૯૬૪
સ.ખજાનચી-શ્રીમતિ કેતના મનિષભાઇ પંચોલી-મુંબઇ ૦૯૯૬૯૫૬૬૧૮૨
ઓડિટર-શ્રી કિરણભાઇ મણિલાલ પંચોલી-શાંતાક્રુઝ ૦૯૩૨૨૨૬૩૫૨૮

કારોબારી સભ્ય

શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ ૦૯૮૨૦૦૬૯૮૮૭
શ્રી ચેતનભાઇ મોહનલાલ કાપડિયા-મીરારોડ ૦૯૯૮૭૬૩૭૭૧૭
શ્રી કલ્પેશ ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર ૦૯૮૯૨૮૩૫૮૬૧
શ્રી કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી-ખેતવાડી ૦૯૩૨૪૩૫૧૯૫૨
શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી-બોરીવલી ૦૯૮૩૩૦૭૯૯૦૦
શ્રી કમલેશભાઇ ધીરજલાલ પંચોલી-દુભાષલેન ૦૮૦૮૦૪૨૪૯૯૦
શ્રી હર્ષ ભાવિકભાઇ કાપડિયા-મીરારોડ ૦૯૭૭૩૨૯૬૦૦૭
શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર પ્રમુખ-શ્રી પંચોલીભગીની સમાજ
શ્રીમતિ ડિમ્પલબેન હિરલભાઇ મિસ્ત્રી-અંધેરી પ્રમુખ-યુવામંચ-આવિષ્કાર ગ્રુપ

કો-ઓપ(વેબ સાઇટ)

શ્રી દિપકભાઇ મણીલાલ પંચોલી-શાંતાક્રુઝ ૦૯૯૬૯૬૯૭૭૨૦
શ્રી ફાગુન કાંતિલાલ પંચોલી-કાંદીવલી ૦૯૯૩૦૯૬૩૨૬૯

સ્વયંનું યુવા અધિવેશન 'ઉડાન' વિષે સહમંત્રી વિશાલભાઇ કાપડિયાએ ચર્ચા કરી હતી જેમાં તેઓએ કુલ્લે ૧૫ સભ્યોનાં નામની જાહેરાત કરી હતી. પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્રભાઇ પંચોલીએ સૂચન કર્યુ હતું કે આ પ્રસંગે મુંબઇ એકમ દ્વારા એક સ્પોન્સરશીપ મોકલાવવી જોઇએ અને તેમના સૂચનને સર્વની મંજુરી મળી ગઇ.

પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થાય તે....જેમાં શ્રી પરાગભાઇએ જણાવ્યું હતું કે દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ દ્વારા અપાતી રોકડ સહાય તેમજ નોટબુક વિતરણ તા. ૭.૬.૨૦૧૫ રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાક થી બપોરે ૧.૦૦ કલાક સુધી રાખવામાં આવી છે..

અંતમાં હાજર રહેલ સૌ સભ્યોએ સ્વાદિષ્ટ અલ્પાહાર તેમજ ઠંડા પીણાં માણ્યા હતાં. શ્રી ભાવિકભાઇ કાપડિયાએ આજની મિટિંગ બોલાવી તેમજ સુંદર અલ્પાહારની વ્યવસ્થા કરવા બદલ મંત્રીશ્રી પરાગભાઇ તથા પરિવારનો આભાર વ્યકત કરી આજની મિટીંગને બરખાસ્ત થયેલી જાહેર કરી હતી.

## શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા

તા. ૯.૪.૨૦૧૫ને રવિવારના રોજ પંચોલી સમાજની વાડીમાં એક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં નવી કારોબારીની રચના તથા સમાજના ભાવી કાર્યક્રમો નકકી કરવા માટે બોલાવવામાં આવી હતી. જુની કારોબારીને બરખાસ્ત કરી નીચે પ્રમાણે નવી કારોબારીની રચના કરવામાં આવી.

શ્રી પ્રકાશભાઇ મૂળજીભાઇ પંચોલી-એડવોકેટ પ્રમુખશ્રી
મો. ૯૮૯૮૪ ૬૬૨૮૭

શ્રી વૈભવકુમાર દીપનકુમાર પંચોલી મંત્રીશ્રી
મો. ૯૮૯૮૩ ૪૯૩૦૫

શ્રી જયેશકુમાર ચંદ્રકાંતભાઇ પંચોલી સહમંત્રીશ્રી
મો. ૯૪૨૬૪ ૭૨૮૩૭

શ્રી ચંદ્રકાંતભાઇ જગદીશભાઇ પંચોલી સહમંત્રીશ્રી
મો. ૯૪૨૮૭ ૨૧૫૬૭

શ્રી કેયૂરકુમાર નરેન્દ્રકુમાર પંચોલી ખબરપત્રીશ્રી
મો. ૯૯૧૩૯ ૧૦૧૦૯

કારોબારી સભ્ય

શ્રી કૃષ્ણકાંત શાંતિલાલ મપારા મો. ૯૪૨૮૦ ૬૯૧૨૩
શ્રી અનુરાગ સાધશરણ પંચોલી મો. ૯૪૨૯૨ ૮૨૨૫૫
શ્રી મિતેશકુમાર રાજેશચંદ્ર પંચોલી મો. ૯૦૯૯૦ ૩૬૮૧૫
શ્રી યોગેશકુમાર દિનેશકુમાર પંચોલી મો. ૯૯૦૯૨ ૩૮૪૮૫
શ્રી દર્શિતકુમાર મહેશચંદ્ર પંચોલી મો. ૯૪૨૭૩ ૩૨૨૪૦
શ્રી સુરેશચંદ્ર જીવણલાલ પંચોલી મો. ૯૪૨૬૮ ૮૨૫૬૪

કો-ઓપ્ટ (વાડી વ્યવસ્થા)

શ્રી મનોજકુમાર ઇન્દ્રવદનભાઇ પંચોલી મો. ૯૭૨૭૨ ૮૦૪૪૫
શ્રી વિજયકુમાર ગણપતલાલ પંચોલી મો. ૯૯૧૩૦ ૧૫૬૯૨

ઉપર મુજબના હોદ્દેદારો અને કારોબારી સભ્યોની નિમણૂંક કર્યા બાદ તા. ૧૦ મેના રોજ સુરત મુકામે યોજનાર પ્રથમ યુવા અધિવેશન માં જવા માટે નામ નોંધણી માટે તથા સમાજના ભાવિ કાર્યક્રમ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. ડિસેમ્બર-૨૦૧૫માં રાજપીપલામાં ક્રિકેટ મહોત્સવનું આયોજન માટે વિચારણા કરવામાં આવી. અંતમાં આઇસ્ક્રીમને ન્યાય આપી મિટિંગ બરખાસ્ત કરવામાં આવી. આગામી મિટિંગ નવા વરાયેલ કારોબારી સભ્ય શ્રી કૃષ્ણકાંત શાંતિલાલ મપારાના નિવાસસ્થાને તા. ૩.૦૫.૨૦૧૫ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે રાખવામાં આવેલ છે સૌ હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ હાજર રહેવા વિનંતી.

જન્મ અને જન્મદિન નિમિત્તે મંડળને મળેલ ભેટ

૨૫૧ પૌત્રી ચિ. યાન્સી નિમેશકુમાર પંચોલી (વડોદરા-ભરૂચ)ના જન્મ નિમિત્તે દાદાશ્રી વિપીનચંદ્ર ગોરધનદાસ પંચોલી (વાઘોડીયા) તરફથી શુભેચ્છા ભેટ

૧૫૧ પૌત્ર ચિ. વિશેષ અત્તપેશકુમાર પંચોલીના જન્મ નિમિદે દાદાશ્રી દિનબંધુ મનહરલાલ પંચોલી તરફથી

૫૧ ચિ. ભકિત ભદ્રેશકુમાર પંચોલી
૫૧ ચિ. ધારા ભદ્રેશકુમાર પંચોલી
૫૧ ચિ. અંજલિ ભદ્રેશકુમાર પંચોલી
૧૫૦ શ્રીમતિ ચંદ્રિકાબેન ભદ્રેશકુમાર પંચોલી
૧૦૧ શ્રીમતિ દેવીલાબેન તથા જગદિશભાઇ ગણપતભાઇ પંચોલી

૨૫૦૧ રાજપીપલા(હાલ ભરૂચ-વાઘોડિયા) નિવાસી શ્રી વિપીનચંદ્ર ગોરધનદાસ પંચોલી(રેવા ગોરધન) તરફથી વાડી રીનોવેશન ફંડ માટે મળ્યા.

નવયુગ શુભચિંતક શ્રી મહેશકુમાર ધીરજલાલ પંચોલી વ્યારા શ્રી શાંતિલાલ છગનલાલ પંચોલી વ્યારા

# સ્વર્ણિમ ફંડ

સુજ્ઞ જ્ઞાતિજનો....

કુશળ હશો.....

સ્વર્ણિમ ફંડને આવકારી સફળ બનાવવા જ્ઞાતિજનોએ જે દાનનો પ્રાહ વહાવ્યો છે એ બદલ આપ સૌનો આભારી છું હજી પણ અમુક એકમોમાંથી આ ફંડમાં સહકાર પ્રાપ્તનથી થયો... આશા રાખું છું એઓ પણ મારી આ અપીલને ધ્યાનમાં લઈ સ્વર્ણિમ ફંડમાં પોતાનો ફાળો નોંધાવે એવી આશા રાખું છું....

**સ્વર્ણિમ ફંડને એક વર્ષ પૂર્ણ થયું છે... જેમણે જે રકમ પાંચ વર્ષ માટે આપવાની સંમતિ દર્શાવી છે.. તેઓ આ વર્ષે સંમતિ દર્શાવેલ રકમ મોકલાવે એવી વિનંતી છે... પૈસા મોકલવા માટેની વિગત પેન નં. ૪ પર આપવામાં આવી છે.. તો આપ સૌ આપનો ફાળો મોકલી આપશો....**

**દર વર્ષે રૂા. ૫૦૦૦/- આપનારનો ફોટો પાંચ વર્ષ માટે છાપવાના હોય રૂા. ૫,૦૦૦/- આપનાર દાતાઓએ પોતાના ફોટા તંત્રીશ્રીને મોકલી આપવા વિનંતી છે જેથી જુન માસના નવયુગમાં પ્રકાશિત કરવાના હોય મોકલી આપશો...**

આપના સહકારની અપેક્ષા સહ.......

મનિષભાઈ એમ. પંચોલી-પ્રમુખ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# નવયુગ શુભેચ્છા ભેટ......

તંત્રીશ્રી

મને પંચોલી નવયુગ છેલ્લા ઘણાં વર્ષોથી વિના મૂલ્યે મળે છે..

આ વર્ષે નવયુગ દિપોત્સવી અંકમાં શુભેચ્છા જાહેરાત મોકલી ન શકયો આથી મારા તરફથી રૂા. ૨૫૦ / રૂા. ૫૦૦ / રૂા. ૧૦૦૦/ શુભેચ્છા ભેટ મોકલું છું તે સહર્ષ સ્વીકાર કરશો...

નામ : ____________________

સરનામુ : ____________________

____________________

____________________

મો. : ____________________

# મહિલા સમાચાર......

## પંચોલી મહિલા મંડળ-સુરત

આજની સામાન્ય મિટિંગ તા. ૨૨.૦૪.૨૦૧૫ના રોજ પ્રીતિબેનને ત્યાં રાખવામાં આવી. જેમાં ફેબ્રુવારી માસમાં આનંદીબેન તરફથી આપેલ પ્રોજેકટો વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી. આવનારા અધિક માસમાં એક દિવસીય પ્રવાસ અંગે ચર્ચા કરવામાં આવી. દરેક બહેનોએ પોતપોતાના મંતવ્યો જણાવ્યા. માર્ચ-એપ્રિલ અને મે માસમાં જેમની આવતી બર્થડે હતી તેઓને શુભેચ્છાઓ પાઠવી મંડળ તરફથી સાડીકવર આપવામાં આવી હતી.

જેમની ૭૫ વર્ષની ઉંમર હોય તેમનું પણ બહુમાન કરવામાં આવ્યું. સુરત મુકામે યોજાનાર 'ઉડાન' યુવા અધિવેશનમાં હાજર રહેવા માટે નામો નોંધવામાં આવ્યા. સુરત મહિલા મંડળનું "What'sup" ગ્રુપ બનાવવામાં આવ્યું.

ફેબ્રુઆરી માસમાં પ્રોજેકટની સ્પર્ધા મુજબ સામાન્યજ્ઞાન અને લોકલ પીકનીક કરવામાં આવી હતી.

આજની ભેટ
૧૫૧ શ્રીમતિ અલૌકીબેન સંજયભાઇ જરીવાલા તરફથી પુત્રી એષાના શુભલગ્ન નિમિત્તે.
૧૫૧ શ્રીમતિ દિપ્તીબેન વિરેનભાઇ પંચોલી તરફથી ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.
૧૦૧ શ્રીમતિ નીશાબેન રાજેશભાઇ મિસ્ત્રી તરફથી ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.
૨૦૧ શ્રીમતિ ઉત્પેક્ષાબેન વિરેનભાઇ મિસ્ત્રી તરફથી બર્થડે નિમિત્તે.
૧૦૧ શ્રીમતિ કિરણબેન મુરલીભાઇ ઝવેરી તરફથી ૩૬મી મેરેજ એનીવર્સરી નિમિત્તે.
૫૧ શ્રીમતિ ખુશ્મનબેન તરફથી વર્ષગાંઠ નિમિત્તે..

આગામી મિટિંગ તા. ૬.૬.૨૦૧૫ના રોજ કિરણબેન મુરલીભાઇ ઝવેરીના નિવાસસ્થાને પાર્લે પોઇંટ મુકામે રાખવાનું નક્કી કરી મંડળ તરફથી ઇંદડા-ચટણી અને પ્રીતિબેન તરફથી લીમ્કાનો આસ્વાદ માણી છુટા પડ્યા.

## તેજસ્વી મહિલા મંડળ-વડોદરા

તા. ૩.૪.૨૦૧૫ને શુક્રવારના રોજ લીનાબેન બી. પંચોલી-ધવલપાર્ક, વિશ્વામીત્રી વડોદરા ખાતે તેજસ્વીની મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. લીનાબેને કોલ્ડ ડ્રિંક્સ થી સૌનું સ્વાગત કર્યુ. સવિતાબેનના ભજનથી શુભ શરૂઆત કરવામાં આવી. સમાજના નામી-અનામી દિવંગતોના આત્માને શ્રેયાર્થે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

લકી ડ્રોમાં જયોતિબેન કે. અને નીતાબેન એચ. લકી બન્યા. શ્રીમતિ શીલાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચ્યો. લીનાબેને નવયુગના પોઇંટનું વાંચન કર્યુ. નવયુગ પોઇંટનું વાંચન આવકારદાયક અને પ્રેરણાદાયક છે જેનાથી સમાજની ગતિવિધિની સંપૂર્ણ જાણકારી મળે છે...

આજરોજ ભજન સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં ૧૭ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ વિજેતા શીલાબેન, દ્વિતીય વિજેતામાં નિકુંજબેન અને પ્રજ્ઞાબેન વચ્ચે ટાઇ થતાં પ્રજ્ઞાબેન વિજેતા થયાં.

વન મિનિટ ગેમ રમ્યા જેમાં પ્રથમ નીમાબેન અને દ્વિતીયમાં સપનાબેન અને નિકુંજબેન વચ્ચે ટાઇ થતાં સપનાબેન વિજેતા થયાં. વિજેતા બેનોને લીનાબેને આકર્ષક ઇનામો આપી નવાજ્યા. હાઉસી પણ રમ્યા.

આગામી મિટીંગ, પ્રોજેકટ કયાં અને કયા કરવા એ અંગે ચર્ચા કરવામાં આવી જેમાં લોકલ ગાર્ડન પીકનીક ડબ્બા પાર્ટી સાથે કરવાનું નકકી કરવામાં આવ્યું સ્થળ અને સમય પાછળથી જણાવવામાં આવશે..

લીનાબેન ઇમીટેશન જ્વેલરી બનાવતા હોય તેમણે વિવિધ સુંદર જ્વેલરીનો ડેમો રજુ કર્યો હતો. અંતમાં સ્વરૂચી ભોજનનો આસ્વાદ માણી લીનાબેને સુંદર આયોજન કરવા બદલ આભાર વ્યકત કરી છુટા પડયા.

તા. ૨૨.૩.૨૦૧૫ના રોજ ડો. મૃગાબેન પી. પંચોલીના પૂજમ કલીનિકમાં બ્લડપ્રેશર અને ડાયાબીટીશ કેમ્પ રાખવામાં અઆવ્યો હતો. જેમાં ૩૫ બહેનોએ ભાગ લીધો હતો. ડો. મૃગાબેને ડાયાબીટીશ અને બ્લડ પ્રેસર વિશે વિશેષ માહિતી આપી હતી. આથી બહેનો એ મુજબ વાકેફ રહી પોતાની તંદુરસ્તી માટે સજાગ બની રોગથી બચી શકે છે... ડો. મૃગાબેનનો આભાર માન્યો હતો..

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૧૬.૪.૨૦૧૫ના રોજ અનુરાધાબેન મિસ્ત્રીના નિવાસ સ્થાને મિટિંગ રાખવામાં આવી. સમૂહ પ્રાર્થના કરી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ગત મિટિંગનો અહેવાલ મંત્રી શ્રીમતિ મીનાબેને વાંચી સંભળાવ્યો. નવયુગના પોઇન્ટનું વાંચન અનુરાધાબેન દ્વારા કરવામાં આવ્યું.

નવયુગ શુભચિંતક શ્રી અમૃતભાઇ વલ્લભભાઇ પંચોલી વ્યારા શ્રી નવિનચંદ્ર ઠાકોરલાલ ગાંધી વ્યારા




આ માસમાં આવતી એનીવર્સરીમાં સ્નેહા પારસભાઇ, કેતકી જેસલભાઇ અને હેતલ નિમેષભાઇને પુષ્પગુચ્છ આપી અનુરાધાબેને શુભેચ્છાઓ પાઠવી. બર્થડેમાં પ્રકાશવંતીબેન દિલીપભાઇને ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી.

આજરોજ ૭૫ વર્ષથી ઉપરની ઉંમરની મહિલાઓનું સાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું. જેમાં મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી(૯૦)નું સન્માન મીરાબેને, શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી(૮૦)નું સન્માન અનુરાધાબેને, સુમિત્રાબેન મોહનલાલ પંચોલી (૭૭)નું સન્માન દક્ષાબેને અને મંજુલાબેન રમણભાઇ પંચોલી(૭૬)નું સન્માન જ્યોત્સનાબેનના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જુના-નવા ફિલ્મોની કવીઝ સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.. વન મિનિટ ગેમ રમ્યા જેમાં બિનીતાબેન અને રેશ્માબેન વિજેતા થયા હતાં.

એનીવર્સરી નિમિત્તે
- રૂા. ૧૦૦ સ્નેહાબેન પારસભાઇ મિસ્ત્રી
- રૂા. ૫૦ હેતલબેન નિમેષભાઇ મિસ્ત્રી
- રૂા. ૫૧ પ્રકાશવંતીબેન દિલીપભાઇ પંચોલી તરફથી, બર્થડે નિમિત્તે
- રૂા. ૧૦૧ મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી
- રૂા. ૫૦ સુમિત્રાબેન મોહનભાઇ પંચોલી
- રૂા. ૫૦ મંજુલાબેન રમણભાઇ પંચોલી
- રૂા. ૫૦ શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી તરફથી ભેટ મળ્યા.
- રૂા. ૫૧ ભાવનાબેન ધર્મેશભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે

અંતમાં આગામી મિટિંગ રઘુવીરનગર મીનાબેન છગનભાઇ મિસ્ત્રીને ત્યાં તા. ૬.૫.૨૦૧૫ના રોજ રાખવાનું નક્કી કરી શરબત અને નાસ્તાને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

તા. ૧૬.૪.૨૦૧૫ના રોજ જયશ્રીબેનના ઘરે રાખવામાં આવી. પ્રથમ વેલકમ ડ્રિંકસથી સૌ બહેનોનું સ્વાગત કરવામાં આવ્યું. શ્લોકગાનથી મિટિંગની શરૂઆત કરવામાં આવી.

આજરોજ જુના નવા ફિલ્મીગીતની કવીઝ રાખવામાં આવી હતી. જેમાં બધી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આજરોજ ફરતી લાયબ્રેરીની શરૂઆત કરવામાં આવી. જનરલ મિટિંગ વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી. વન મિનિટ ગેમ રમ્યા. તેમાં ગીતાબેન પંચોલી અને હાઉસી ગેમમાં રેખાબેન આર. પંચોલી અને હીનાબેન સી. પંચોલી વિજેતા થયા. લકી ડ્રોમાં દક્ષાબેન લકી બન્યા.

તા. ૯.૫.૨૦૧૫ના રોજ હીનાબેન સી. પંચોલીને ત્યાં આગામી મિટિંગ રાખવાનું નક્કી કરી પાવભાજીને ન્યાય આપી છુટા પડયા.

## પંચોલી ભગીની સમાજ-મુંબઈ

તા. ૨૮.૩.૧૫ને શનિવારે સૂર્યનારાયણ વાડી, પાંજરાપોળ ખાતે નવચંડી યજ્ઞપૂજન રાખવામાં આવેલ હતું. આજના રામનવમીના શુભપ્રસંગના અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી અને અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન(સુમિત્રા) જીતેન્દ્રભાઇ મિસ્ત્રીએ શોભાવી અભિવૃદ્ધિ કરી હતી.

નવચંડી યજ્ઞ પૂજનમાં પાંચ યુગલોએ ભાગ લઇ યજમાન તરીકે યજ્ઞપૂજનમાં બિરાજમાન હતાં. નવચંડી પૂજનની શરૂઆત બાદ શ્રી પંચોલી ભગીની સમાજ અને શ્રી યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા નાના બાળકોથી માંડીને વરિષ્ઠ નાગરિકો માટે 'શ્રી પંચોલી ગેમ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી પંચોલી સેવા સમાજના પ્રમુખશ્રી ડો. ભૂપેન્દ્ર ચુનીલાલ પંચોલીના માર્ગદર્શન હેઠળ શ્રીમતિ કેતનાબેન મનિષ પંચોલીએ અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી, શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલી, યુવામંચ-આવિષ્કાર ગ્રુપના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી, નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી, ખજાનચી શ્રીમતિ ધર્મિષ્ઠાબેન ભૂપેન્દ્ર પંચોલી, શ્રી પંચોલી સેવા સમાજના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલીને પોતાનું સ્થાન ગ્રહણ કરવા જણાવ્યું હતું. શ્રી પંચોલી ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ ઇલાબેન પંચોલીએ અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને બાંબુ પ્લાન્ટ આપી સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ પંચોલી ગેમ શો કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આજના સમારોહના અધ્યક્ષા શ્રીમતિ ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી તરફથી શ્રી પંચોલી ભગીની સમાજને રૂા. ૧૧૦૦/- તેમજ આવિષ્કાર ગ્રુપને રૂા. ૫૦૦/- ની ભેટ આપી હતી. ત્યારબાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ બપોરે સ્વાદિષ્ટ ફરાળી વાનગીનું ભોજન લઇ સૌ તૃપ્ત થયા.

બપોરે ૩.૩૦ કલાકે ભગીની સમાજની મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં નવા પ્રમુખ તરીકે શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર

મિસ્ત્રીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. આવી જ રીતે શ્રી પંચોલી સેવા સમાજ, શ્રી પંચોલી ભગીની સમાજ તથા શ્રી યુવામંચ આવિષ્કાર ગ્રુપના સથવારે દરેકના સાથ સહકારથી દરેક કાર્યક્રમ વધુ યશસ્વી બનાવી શકાશે..

શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇની ૨૦૧૫-૧૬ની કારોબારી સમિતિની નીચે મુજબ નિમણૂંક કરવામાં આવી હતી.

પ્રમુખ- પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર૦૮૬૯૮૭૧૧૦૫૭
ઉ.પ્રમુખ-અનુરાધાબેન ચેતનભાઇ કાપડિયા-મીરારોડ ૦૯૯૮૭૬૩૭૭૧૬
મંત્રી-ઇલાબેન રજનીકાંત પંચોલી-વસઇ ૦૯૧૫૮૪૫૫૦૬૦
ખજાનચી-કેતનાબેન મનિષ પંચોલી-અલંકાર૦૯૯૬૯૫૬૬૧૮૨


કારોબરી સભ્ય

ધમિષ્ઠાબેન ભૂપેન્દ્રભાઇ પંચોલી-મઝગાંવ ૦૯૯૬૯૧૧૩૮૦૩
નીતાબેન દિપકભાઇ મિસ્ત્રી-વસઇ ૦૭૭૦૯૪ ૧૩૬૨૦
જાગૃતિબેન ચંદ્રવદન મહેતા-મુંબઇ ૦૯૯૬૭૨૫૦૪૦૫
કવિતાબેન વિજયભાઇ પંચોલી-ડોંગરી ૦૯૮૭૦૪ ૩૬૭૧૨
કાજલબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-વિરાર ૦૮૬૯૮૯ ૯૧૬૯૯
ગં.સ્વ. ભાવનાબેન જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ ૦૯૮૬૭૭૨૩૦૫૨
ગં.સ્વ. નિરૂપાબેન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ ૦૯૮૧૯૪૫૮૭૬૮
ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ ૦૯૮૨૦૧૬૯૮૮૭
જાગૃતિબેન રાકેશભાઇ મિસ્ત્રી-મીરારોડ ૦૯૮૨૦૬ ૧૧૭૪૦
મનિષાબેન ભાવિકભાઇ કાપડિયા-મીરારોડ ૦૯૭૬૯૬૧૮૬૨૨
સોનલબેન પરાગભાઇ મિસ્ત્રી-મુંબઇ ૦૯૯૨૧૯૩૭૨૮૭

આજના પ્રસંગે નીચે મુજબ દાન મળ્યુ છે...

| | | |
|---|---|---|
| ૧૧૦૦ | ઈંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી | અધ્યક્ષા સ્થાનેથી |
| ૨૧ | શ્રીમતિ તરલીકાબેન ગિરીશ ઝવેરી | પ્ર.ભેટ |
| ૧૦૧ | માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી- | પ્ર.ભેટ |
| ૧૦૧ | શ્રીમતિ ઉમાબેન મયંકભાઇ મિસ્ત્રી | પ્ર.ભેટ |
| ૧૦૦ | શ્રીમતિ જયશ્રીબેન સનતભાઇ મિસ્ત્રી | પ્ર.ભેટ |
| ૧૦૧ | શ્રીમતિ પૂર્ણિમાબેન કિરીટભાઇ ગાંધી | |
| ૫૦૧ | શ્રીમતિ ત્રિવેણી મુકુલ મિસ્ત્રી | ૫૦મી બર્થડે નિમિત્તે |
| ૩૦૧ | શ્રીમતિ ઘર્મી અનિષ પંચોલી | હર્ષના લગ્ન નિમિત્તે |
| ૧૦૧ | સુશીલાબેન રમેશભાઇ મિસ્ત્રી | પૌત્ર રોહનની બર્થડે નિમિત્તે |
| ૫૦૧ | કુ. ચાર્મી સંદિપભાઇ મિસ્ત્રી ધો. ૧૦માં ઉત્તિર્ણ થવાથી | |
| ૧૧૧ | શ્રીમતિ શોભા કિશોર મિસ્ત્રી | શાળાની નિવૃત્તિ નિમિત્તે |
| ૧૧૧૧ | શ્રીમતિ તરલીકાબેન ગિરીષભાઇ ઝવેરી | નિ.ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ હિના જયદિપ ઝવેરી | નિ.ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી | નિ.ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ પ્રીતિ કિરણભાઇ પંચોલી | નિ. ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ પારૂલબેન સતિષભાઇ પંચોલી | નિ. ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ ઘર્મી અનિષભાઇ પંચોલી | નિ. ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ આશાબેન કિર્તીભાઇ મહેતા | નિ. ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ કિન્નરીબેન જીજ્ઞેશભાઇ મહેતા | નિ. ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ ચંદ્રિકાબેન નવિનચંદ્ર પંચોલી | નિ. ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ હેમેક્ષા યતીનભાઇ પંચોલી | નિ. ફંડ |
| ૧૧૧૧ | શ્રીમતિ ભાવનાબેન ઉમેશભાઇ પંચોલી | નિ.ફંડ |


# ૨૫મી મેરેજ એનીવર્સરી




સુરત(નવાપુર) નિવાસી શ્રીમતિ દિપ્તીબેન તથા શ્રી વિરેનભાઇ પરસોત્તમદાસ પંચોલી તા. ૧૫.૦૪.૨૦૧૫ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે....

સમગ્ર પંચોલી સમાજ ૨૫મી લગ્નજીવનની એનીવર્સરી વેળાએ હાર્દિક અભિનંદન પાઠવે છે....

# એકવાર જાવુ હરીના ધામમાં



સુરત નિવાસી ગં.સ્વ. પદમાબેન ચંદુભાઇ લાકડાવાલા તા. ૨૮.૪. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા.



ઉમરવા નિવાસી સવિતાબેન ગોરધનદાસ પંચોલી તા. ૨૪.૦૩. ૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૩


મીરારોડ(મુંબઇ) નિવાસી ગં.સ્વ. અનુબેન રશ્મિનભાઇ મિસ્ત્રી તા. ૧૭.૦૩.૨૦૧૫ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૫૧

નવયુગ શુભચિંતક શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી વ્યારા શીવા ડાઈંગ સર્વિસ વ્યારા

# દેવના દિધેલ



બીલીમોરા નિવાસી શ્રી કૃણાલભાઇ કિશોરભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્ન 'નિષ્કા' નો જન્મ તા. ના રોજ થયો. માતા : હેલીબેન



રાજપીપલા (વાઘોડિયા) નિવાસી નિમેશકુમાર બિપીનચંદ્ર પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'યાન્સી' નો જન્મ તા. ૧૩.૦૩.૨૦૧૫ ના રોજ થયો.
માતા : શીતલબેન



રાજપીપલા (હાલ વડોદરા) નિવાસી શ્રી અલ્પેશકુમાર પંચોલીને ત્યાં પુત્રરત્ન 'વિશેષ' નો જન્મ તા. ૦૩.૦૩.૨૦૧૫ના રોજ થયો.
માતા : વૈશાલીબેન



બોડેલી નિવાસી હિમાંશુકુમાર જગદીશભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'પ્રનિત' નો જન્મ તા. ૧૩.૦૧.૨૦૧૫ ના રોજ થયો.
માતા : શીતલબેન

## પંચોલી નવયુગ
## કલરફુલ અંદાઝમા

**આપણી વેબસાઈટ પર**


**www.pancholisamaj.org**

પર જઇ ઇ-નવયુગ પર કલીક કરો અને દરેક માસના નવયુગનું લીસ્ટ આવશે. જે માસનું નવયુગ જોવું હોય એ પર કલીક કરો અને દર મહિને નિહાળો.....

# કુર્યાત સદા મંગલમ્



વ્યારા નિવાસી શ્રીમતિ આશાબેન તથા શ્રી કુલીનભાઇ સન્મુખભાઇ પંચોલીના સુપુત્ર ચિ. ચિંતનના શુભલગ્ન વ્યારા નિવાસ ગં.સ્વ. સીમાબેન તથા સ્વ. સુનીલભાઇ બચુભાઇ પંચોલી ની સુપુત્રી ચિ. દિશા સાથે તા. ૧૪.૨.૨૦૧૫ રોજ થયા.



વ્યારા નિવાસી શ્રીમતિ અંજલીબેન તથા શ્રી પરેશભાઇ રતિલાલ પચ્ચીગરના સુપુત્ર ચિ. સિદ્ધાર્થના શુભલગ્ન વ્યારા નિવાસ શ્રીમતિ ઇલાબેન તથા શ્રી અનિલભાઇ અંબેલાલ પંચોલી ની સુપુત્રી ચિ. ડો. ફાલ્ગુની સાથે તા. ૨૪.૯.૨૦૧૪ના રોજ થયા.



બરકાલ નિવાસી શ્રીમતિ અલ્પાબેન તથા શ્રી શૈલેષકુમાર રતિલાલ પંચોલીના સુપુત્રી ચિ. અપૂર્વાના શુભલગ્ન શ્રીમતિ કલ્પનાબેન તથા શ્રી જ્યોતિન્દ્રભાઇ રમણભાઇના સુપુત્ર ચિ. વિરલ સાથે તા. ૧.૨.૨૦૧૫ રોજ થયા.

## નવયુગ શુભેચ્છક

### માતુશ્રીની
### બારમી પૂણ્યતીથીએ શ્રદ્ધાસુમન



**અક્ષરવાસી. મોહનલાલ વલ્લભરામ મિસ્ત્રી**

**અક્ષરવાસી અ.સૌ. ધીરજબેન મોહનલાલ મિસ્ત્રી**
**અક્ષરવાસ : ૨૫.૦૫.૨૦૦૩**

નાનકડો પણ ઉત્તમ શબ્દ 'બા' થી શ્રેષ્ઠ ન બીજો શબ્દ.
બચપણથી 'બા' શબ્દ ગમ્યો, અંદર રગ રગ રમ્યા કર્યો.
'બા' શબ્દ છે સઘળો સાર, એ વિના બીજુ નિરસાર.
ના જાણું ભક્તિ કે ધ્યાન, તારૂં રહો 'બા' અનુસંધાન.
બારમી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

**અર્પણકર્તા**

ડો. મહેશભાઈ એમ. મિસ્ત્રી મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી
શ્રી મૌલિક મહેશભાઈ મિસ્ત્રી નિયા મૌલિક મિસ્ત્રી
ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
ઘર : ૭-૮, મેઘના આર્કેડ, ચૌટાબજાર પોલીસ ચોકી સામે,
અંકલેશ્વર ફોન : ૨૪૬૬૧૧,
દવાખાનું: જોષીયા ફળીયા, અંકલેશ્વર
ફોન : ૨૪૬૫૧૧, મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રી
શ્રી મલય દિનેશ મિસ્ત્રી ભાવના મલય મિસ્ત્રી
ચિ. અક્ષત મલય મિસ્ત્રી
શ્રી સ્વપ્નીલ ડી. પંચોલી બિન્ની સ્વપ્નીલ પંચોલી
ચિ. ધ્યાની સ્વપ્નીલ પંચોલી
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, હર્ષ પાર્ક, મેઘા ઓટોમોબાઈલ્સ
શો રૂમ સામે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
મો. : ૯૮૨૪૧ ૭૧૯૩૦
અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### ૩૦મી પૂણ્યતિથિએ
### ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ.ભીખાભાઈ ઈશ્વરભાઈ પંચોલી**
જન્મ.તા.૦૧/૧૧/૧૯૨૮ અ.વા.તા. ૨૩/૦૫/૧૯૮૫

આજે પણ તમારા સત્કર્મોની સુવાસ ચો તરફ માણી શકાય છે
આજે પણ સમગ્ર પરિવાર તમારી પ્રત્યક્ષ ન હોવાની
ખોટ અનુભવી રહ્યો છે. આજે પણ તમારી દરેક દીકરીઓ
જીવનની દરેક સફળતામાં તમારા આશીર્વાદ પામી
ધન્યતા અનુભવી રહી છે.
'જીવન કેટલું જીવ્યા એ મહત્વનું નથી પરંતુ,
કેવું જીવ્યા, કોના માટે જીવ્યા તે મહત્વનું છે.'
આ વાત તમે તમારા ટૂંકા પરંતુ શ્રેષ્ઠ જીવનકાળ દરમ્યાન
સાબિત કરી બતાવી. તમારા સત્કર્મોરૂપી જ્યોત,
અમારા કર્મો દ્વારા હંમેશા પ્રજ્વલિત રહે એજ
મહારાજ સ્વામીના ચરણોમાં અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

પદમા - જ્યોતિ - માયા - પ્રવિણા
હેમા - ગીતા - સોનલ - અલોકી
તથા સમગ્ર પરિવારજનો....

# ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૨૫૧/- રાજપીપલા(હાલ ભરૂચ-વડોદરા-વાઘોડિયા) નિવાસી શ્રી વિપીનચંદ્ર ગોરધનદાસ પંચોલી-રેવા ગોરધન તરફથી જન્મદિન નિમિત્તે

રૂા. ૧૫૧/- મુંબઇ નિવાસી ડો. ભાવનાબેન સંદિપકુમાર પંચોલી તરફથી નવયુગ શુભેચ્છા ભેટ.

રૂા. ૨૫૧/- એક શુભેચ્છક-વ્યારા.

રૂા. ૧૦૧/- વ્યારા નિવાસી રામુભાઇ એન. પંચોલી તરફથી પૌત્ર ચિ. બ્રિજેશની તા. ૮ મે ૨૦૧૫ના રોજ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૨૫૧/- બરકાલ નિવાસી શૈલેષકુમાર રતિલાલ પંચોલી તરફથી સુપુત્રી ચિ. અપૂર્વાના શુભલગ્ન પ્રસંગે નિમિત્તે.

રૂા. ૨૫૧/- સુરત નિવાસી તેજલબેન દિપકભાઇ ગાંધી તરફથી મોટી મમ્મી ગં.સ્વ. પદમાબેન ચંદુભાઇ લાકડાવાલાના સ્મરણાર્થે.

રૂા. ૧૦૧/- ગણદેવી નિવાસી પ્રકાશભાઇ ગણપતભાઇ પંચોલી તરફથી ચિ. પલકના લગ્ન નિમિત્તે.

રૂા. ૧૧૧/- બીલીમોરા નિવાસી માનનીય કાશ્મીરાબેન અરવિંદભાઇ મિસ્ત્રી તરફથી સમાજરત્ન સ્વ. પરમાનંદભાઇ રામભાઇ પંચોલીના સ્મરણાર્થે.

રૂા. ૧૧૧/- બીલીમોરા નિવાસી શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી તરફથી શાળામાંથી નિવૃત્તિની વેળાએ....

રૂા. ૨૫૧/- ઉમરવા નિવાસી સવિતાબેન ગોરધનભાઇ પંચોલીના સ્મરણાર્થે સહપરિવાર તરફથી....




*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar - 393 002.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal. Printed at** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch. **Published** at : D-302, Subham Residency, Nr. Taluka Seva Sadan, B/h. Rajkamal Arcade, GIDC, Ankleshwar-2. **Ph. :** 02646 - 221852
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. :** 98241 71930, 98240 64282, **Email : pancholi_navyug@yahoo.com**